RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 335 Dt. 19-06-2025 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT




## ઈરાનમાંથી ભારતીયોને બહાર કાઢવા ‘ઓપરેશન સિંધુ’

### ઈરાનની વિવિધ યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરતા લગભગ ૧૧૦ ભારતીય વિદ્યાર્થીઓને પહેલા દૂતાવાસની મદદથી સરહદ પાર કરીને આર્મેનિયા લઈ જવામાં આવ્યા હતા અને હવે તે બધા એક ખાસ ફ્લાઈટ દ્વારા ભારત પરત ફર્યા



નવીદિલ્હી, તા. ૧૮
ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધ બાદ ભારતે પોતાના નાગરિકોને બહાર કાઢવાનું શરૂ કરી દીધું છે. ભારતે યુદ્ધગ્રસ્ત ઈરાનમાંથી પોતાના નાગરિકોને બહાર કાઢવા માટે ‘ઓપરેશન સિંધુ’ શરૂ કર્યું છે. ભારતે પણ ઈરાનથી તેના ૧૦૦+ નાગરિકોને બહાર કાઢ્યા છે. તેમને આર્મેનિયા થઈને બહાર કાઢવામાં આવ્યા છે. ઈરાનની વિવિધ યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરતા લગભગ ૧૧૦ ભારતીય વિદ્યાર્થીઓને પહેલા દૂતાવાસની મદદથી સરહદ પાર કરીને આર્મેનિયા લઈ જવામાં આવ્યા હતા અને હવે તે બધા એક ખાસ ફ્લાઈટ દ્વારા ભારત પરત ફર્યા છે. આ વિદ્યાર્થીઓને લઈને પહેલી ફ્લાઈટ બુધવારે આર્મેનિયાની રાજધાની યેરેવનથી દિલ્હી પહોંચી.

ઈરાન અને આર્મેનિયાએ આ બાબતમાં ભારતને ઘણી મદદ કરી છે. ઈરાને પહેલાથી જ સ્પષ્ટ કરી દીધું હતું કે તે ભારતીય વિદ્યાર્થીઓને બહાર કાઢવા માટે પોતાના દરવાજા ખુલ્લા રાખશે અને આ પ્રતિબદ્ધતાને ધ્યાનમાં રાખીને, તેણે ભારતીય મિશનને શક્ય તમામ સહાય પૂરી પાડી. તણાવ બાદ બગડતી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, તેહરાનમાં ભારતીય દૂતાવાસે શહેરમાંથી તાત્કાલિક ૧૧૦ ભારતીય વિદ્યાર્થીઓને બહાર કાઢવાની યોજના બનાવી. આ વિદ્યાર્થીઓને સુરક્ષિત માર્ગે આર્મેનિયા લઈ જવામાં આવ્યા હતા અને પછી ત્યાંથી ભારત મોકલવામાં આવ્યા હતા. મોટાભાગના હાંકી કાઢવામાં આવેલા વિદ્યાર્થીઓ ઉર્મિયા મેડિકલ યુનિવર્સિટીના છે. આમાંથી લગભગ ૯૦ વિદ્યાર્થીઓ જમ્મુ અને કાશ્મીરના છે. ઈરાનથી બહાર કાઢવામાં આવેલા વિદ્યાર્થી તમ્હીદ મુઘલે કહ્યું કે તેઓ બધા ભારત સરકારના આ ઝડપી પગલા માટે આભારી છે. તેમણે કહ્યું કે આ મુશ્કેલ સમયમાં સરકારે તેમની સુરક્ષાને પ્રાથમિકતા આપી.

મોટી સંખ્યામાં ભારતીય વિદ્યાર્થીઓ તબીબી શિક્ષણ માટે ઈરાન જાય છે. ઉર્મિયા, તેહરાન, મશહદ જેવા શહેરોમાં ઘણી મેડિકલ યુનિવર્સિટીઓ છે જ્યાં વિદ્યાર્થીઓ MBBS અને અન્ય મેડિકલ ડિગ્રીનો અભ્યાસ કરે છે. ફી ઓછી છે અને પ્રવેશ પ્રક્રિયા સરળ છે, જે મધ્યમ વર્ગના ભારતીય પરિવારો માટે એક સરળ પસંદગી બનાવે છે.

અહેવાલો સૂચવે છે કે ભારતમાં ખઇઇજ અભ્યાસની ફી ૧ કરોડ સુધી છે, જ્યારે ઈરાનમાં તે ફક્ત ૧૪ લાખથી ૩૦ લાખ સુધીની છે. એવું કહેવાય છે કે અહીં તબીબી શિક્ષણ બાંગ્લાદેશ કરતાં સસ્તું છે. ઉપરાંત, ઈરાન બાંગ્લાદેશ કરતાં ઘણું વિકસિત છે. કેટલાક લોકોનો દાવો છે કે ઈરાન જમ્મુ અને કાશ્મીરથી ઈરાન જતા શિયા વિદ્યાર્થીઓને સબસિડી પણ આપે છે. એવું કહેવાય છે કે હાલમાં ૨૦૦૦ ભારતીય વિદ્યાર્થીઓ ઈરાનમાં અભ્યાસ કરી રહ્યા છે. ઈરાનના તબીબી શિક્ષણ ક્ષેત્રને ભારતમાં માન્યતા આપવામાં આવે છે અને વિદ્યાર્થીઓ વિદેશમાં સારું શિક્ષણ મેળવે છે.

---

### ૨૦૩૧ માં વસ્તી ગણતરી નહીં થાય : COVID-૧૯ રોગચાળાની અસરને કારણે ૨૦૨૧માં આ વલણ તૂટ્યું હતું

## ડેટા સંગ્રહ પૂર્ણ થયા બાદ વસ્તી ગણતરીનો સારાંશ ડેટા થશે જાહેર

નવીદિલ્હી, તા. ૧૮
આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયના સૂત્રોના જણાવ્યા અનુસાર, કેન્દ્ર સરકાર ડેટા સંગ્રહ પૂર્ણ થયાના લગભગ ત્રણ થી છ મહિના પછી આગામી વસ્તી ગણતરીનો સારાંશ ડેટા જાહેર કરશે. જોકે, તબક્કાવાર વધુ વિગતવાર સમયપત્રક અને ગ્રેન્યુલર ડેટા પ્રકાશિત થવામાં હજુ ત્રણથી પાંચ વર્ષ લાગશે. આગામી વસ્તી ગણતરી માટે ડેટા સંગ્રહ ૧ માર્ચ, ૨૦૨૭ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. સંગ્રહ પૂર્ણ થયાના ત્રણથી છ મહિના પછી વ્યાપક ડેટા ઉપલબ્ધ થવો જોઈએ, ખાસ કરીને કારણ કે આ વખતે સંગ્રહ સંપૂર્ણપણે ડિજિટલ રીતે કરવામાં આવી રહ્યો છે.




સ્વતંત્રતા પછી, વસ્તી ગણતરી સામાન્ય રીતે એક દાયકાની કવાયત રહી છે જે ૧૯૫૧, ૧૯૬૧, ૧૯૭૧, ૧૯૮૧, ૧૯૯૧, ૨૦૦૧ અને ૨૦૧૧ માં બહાર પાડવામાં આવી હતી. શરૂઆતમાં COVID-૧૯ રોગચાળાની અસરને કારણે ૨૦૨૧ માં આ વલણ તૂટી ગયું. જોકે, આગામી વસ્તી ગણતરી ૨૦૨૭ માં થવાની હોવાથી, ૨૦૩૧ થી શરૂ થતા દાયકા માટે આ સમયપત્રક ફરી એકવાર તૂટી જશે. ૨૦૩૧ માં વસ્તી ગણતરી હાથ ધરવા માટે કોઈ વહીવટી ક્ષમતા રહેશે નહીં, કારણ કે ૨૦૨૭ નો ડેટા હજુ પણ પ્રક્રિયામાં રહેશે.

અધિકારીએ જણાવ્યું હતું કે વસ્તી ગણતરીના જાતિ ઘટકમાં ભારતમાં વિવિધ જાતિઓ ધરાવતું ડ્રોપ-ડાઉન મેનૂ શામેલ હશે, અને ઉત્તરદાતાઓએ તેમની જાતિઓ પસંદ કરવાની રહેશે. આ કાર્ય કરવા માટે, સરકારે પહેલા ભારતની બધી વિવિધ જાતિઓની મુખ્ય યાદી તૈયાર કરવાની જરૂર પડશે.

લોકો તેમની જાતિ અથવા, થોડા અંશે, ધર્મ વિશે ખોટી માહિતી આપે તેવી શક્યતા ઓછી છે, કારણ કે તે જાહેરમાં જાણીતી છે, અધિકારીએ જણાવ્યું. આ આવક સ્તર જેવું નથી, જ્યાં લોકો સાચું ચિત્ર ન આપે તેવી શક્યતા વધુ હોય છે. જોકે, એકંદરે, અધિકારીએ જણાવ્યું હતું કે વસ્તી ગણતરી મુખ્યત્વે ગૃહ મંત્રાલય અને ભારતના રજિસ્ટ્રાર જનરલ દ્વારા હાથ ધરવામાં આવી હતી, જેમાં MoSPI ની ન્યૂનતમ સંડોવણી હતી.

---

## પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૨.૩૫ લાખ બનશે આવાસ

### ગુજરાત સહિત નવ રાજ્યોમાં ઘર નિર્માણ માટે કેન્દ્ર સરકારે આપી મંજૂરી

નવીદિલ્હી, તા. ૧૮
કેન્દ્ર સરકારે બુધવારે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૨.૩૫ લાખ ઘરોના નિર્માણને મંજૂરી આપી. એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે કે ગૃહનિર્માણ અને શહેરી બાબતોના મંત્રાલયના સચિવ શ્રીનિવાસ કાટિકીથલાની અધ્યક્ષતામાં યોજાયેલી કેન્દ્રીય મંજૂરી અને દેખરેખ સમિતિની ત્રીજી બેઠકમાં આ મંજૂરી આપવામાં આવી હતી.

આ મકાનો પ્રધાનમંત્રી આવાસ યોજના-શહેરી ૨.૦ હેઠળ બનાવવામાં આવશે. નવ રાજ્યો - આસામ, બિહાર, છત્તીસગઢ, ગુજરાત, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઓડિશા, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશ માટે કુલ ૨,૩૪,૮૬૪ ઘરોને મંજૂરી આપવામાં આવી છે. ઙખઅઢ-ઞ ૨.૦ ચાર વર્ટિકલ્સ દ્વારા અમલમાં મૂકવામાં આવી રહ્યું છે - લાભાર્થી-સંચાલિત બાંધકામ, ભાગીદારીમાં પરવડે તેવા આવાસો, પરવડે તેવા ભાડાના આવાસો અને વ્યાજ સબસિડી યોજના. CSMC મીટિંગમાં મંજૂર થયેલા મકાનો યોજનાના BLC અને AHP વર્ટિકલ્સ હેઠળ છે.



અત્યાર સુધીમાં, PMAY-U ૨.૦ હેઠળ મંજૂર કરાયેલા કુલ મકાનોની સંખ્યા ૭,૦૯,૯૭૯ છે. મંજૂર થયેલા મકાનોમાંથી, ૧.૨૫ લાખથી વધુ મકાનો ફક્ત મહિલાઓ માટે જ મંજૂર કરવામાં આવ્યા છે, જેમાં એકલ મહિલાઓ અને વિધવાઓનો સમાવેશ થાય છે. ટ્રાન્સજેન્ડરોને કુલ ૪૪ ઘરો પણ ફાળવવામાં આવ્યા છે. અનુસૂચિત જાતિના લાભાર્થીઓના નામે ૪૨,૪૦૦ ઘરો ફાળવવામાં આવ્યા છે, જ્યારે ૧૭,૫૭૪ ઘરો અનુસૂચિત જનજાતિને અને ૧,૧૩,૪૧૪ ઘરો અન્ય પછાત વર્ગોને ફાળવવામાં આવ્યા છે.

PMAY-U ૨.૦ હેઠળ, શહેરી વિસ્તારોમાં પાકા (કાયમી) મકાનો બનાવવા અથવા ખરીદવા માટે ૧ કરોડ પરિવારોને નાણાકીય સહાય પૂરી પાડવામાં આવશે. આ યોજના ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને તેમના જીવનની સુધારણા પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે સુરક્ષિત ઘરો આપીને તેમના ઉત્થાન પર ધ્યાન કેન્દ્રિત કરે છે. વ્યક્તિઓ/પરિવારો માટે, પ્રતિ આવાસ યુનિટ રૂ. ૨.૫૦ લાખ સુધીની કેન્દ્રીય સહાય પૂરી પાડવામાં આવે છે.

જૂન ૨૦૧૫ માં શરૂ કરાયેલ પ્રધાનમંત્રી આવાસ યોજના - શહેરીને ફરીથી ડિઝાઇન કરવામાં આવી હતી અને PMAY-U ૨.૦ તરીકે શરૂ કરવામાં આવી હતી. પીએમએવાય-યુ હેઠળ ૯૩.૧૯ લાખથી વધુ ઘરોનું નિર્માણ થઈ ચૂક્યું છે અને લાભાર્થીઓને પહોંચાડવામાં આવ્યા છે. PMAY-U ૨.૦ ના લોન્ચ સાથે, શહેરી ભારતમાં વધારાના ૧ કરોડ EWS/LIG/MIG પરિવારોને કાયમી ઘરો પૂરા પાડવામાં આવશે.

---

## ભારતનો પડોશી આતંકવાદનું ઉછેર કેન્દ્ર : મોદી

### G7 બેઠકમાં વડાપ્રધાન મોદીએ કહ્યું, સરહદ પારની આતંકવાદી પ્રવૃત્તિઓને સમર્થન આપવા બદલ પાકિસ્તાન સામે કાર્યવાહી થવી જોઈએ : પહેલગામમાં થયેલો હુમલો દરેક ભારતીયના ‘આત્મા, ઓળખ અને ગૌરવ’ પર સીધો હુમલો



નવીદિલ્હી, તા. ૧૮
પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ G7 નેતાઓને જણાવ્યું હતું કે ભારતનો પડોશી આતંકવાદ માટે ઉછેરનું કેન્દ્ર બની ગયો છે અને આ પડકાર પ્રત્યે આંખ આડા કાન કરવા એ ‘‘માનવતા સાથે વિશ્વાસઘાત’’ હશે. તેમણે સરહદ પારની આતંકવાદી પ્રવૃત્તિઓને સમર્થન આપવા બદલ પાકિસ્તાન સામે કાર્યવાહીની માંગ કરી. અહીં G7 આઉટરીચ સત્રમાં પોતાના સંબોધનમાં મોદીએ કહ્યું કે ૨૨ એપ્રિલે પહેલગામમાં થયેલો હુમલો દરેક ભારતીયના ‘‘આત્મા, ઓળખ અને ગૌરવ’’ પર સીધો હુમલો હતો.

આતંકવાદને સમર્થન આપનાર કોઈપણ દેશને જવાબદાર ઠેરવવો જોઈએ અને તેની કિંમત ચૂકવવી જોઈએ. તેમણે કહ્યું કે આતંકવાદ સામે લડવામાં ‘‘બેવડા ધોરણો’’ માટે કોઈ જગ્યા હોવી જોઈએ નહીં. તેમણે પ્રશ્ન કર્યો કે શું આતંક ફેલાવનારાઓ અને તેનાથી પીડાતા લોકોને ‘‘એક જ ત્રાજવે તોલવા જોઈએ’’. મોદી ઉર્જા સુરક્ષા પર G7 આઉટરીચ સત્રને સંબોધિત કરી રહ્યા હતા. મોદીએ કહ્યું કે આતંકવાદ માનવતાનો દુશ્મન છે. તે લોકશાહી મૂલ્યોનું સમર્થન કરતા તમામ દેશોના વિરોધમાં ઉભું છે. આતંકવાદ સામેની લડાઈમાં એકતા જરૂરી છે.

કમનસીબે, આપણો પોતાનો પડોશ આતંકવાદનું સંવર્ધન સ્થળ બની ગયો છે. ‘‘વૈશ્વિક શાંતિ અને સમૃદ્ધિ માટે, આપણી વિચારસરણી અને આપણી નીતિઓ ખૂબ જ સ્પષ્ટ હોવી જોઈએ - આતંકવાદને ટેકો આપનાર કોઈપણ દેશને જવાબદાર ઠેરવવો જોઈએ અને તેની કિંમત ચૂકવવી જોઈએ,‘‘ તેમણે કહ્યું. મોદીએ કહ્યું કે વાસ્તવિકતા બરાબર વિરુદ્ધ છે. એક તરફ, આપણે આપણી પ્રાથમિકતાઓ અને હિતોના આધારે વિવિધ પ્રતિબંધો લાદવામાં ઉતાવળ કરીએ છીએ. બીજી તરફ, જે દેશો ખુલ્લેઆમ આતંકવાદને ટેકો આપે છે તેમને પુરસ્કાર આપવામાં આવે છે,‘‘ તેમણે કહ્યું.

# CMના અધ્યક્ષસ્થાને મળી કેબિનેટ

## પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઈ રૂપાણીને ભાવભરી શ્રદ્ધાંજલિ આપતો શોક પ્રસ્તાવ પસાર

અમદાવાદ,૧૮

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને રાજ્ય મંત્રીમંડળના મંત્રીઓની મળેલી કેબિનેટ બેઠકમાં રાજ્યના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને અગ્રણી સ્વ. વિજયભાઈ રૂપાણીના અવસાન અંગે ઊંડા ખેદ અને દુઃખની લાગણી વ્યકત કરવામાં આવી હતી.રાજ્ય મંત્રીમંડળે પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઈ રૂપાણીને ભાવસભર શ્રદ્ધાંજલી આપતો શોક પ્રસ્તાવ આ બેઠકમાં પસાર કર્યો હતો.



ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને રાજ્યના અગ્રણી નેતા વિજયભાઈ રૂપાણી ૬૮ વર્ષની વયે અમદાવાદ ખાતે વિમાન દુર્ઘટનામાં થયેલા દુઃખદ અવસાનથી રાજ્ય સરકાર ઊંડાખેદની લાગણી અનુભવે છે. વિજયભાઈ રૂપાણી ધર્મેન્દ્રસિંહજી આર્ટસ કોલેજમાંથી સ્નાતક થયા બાદ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી કાયદાનો અભ્યાસ કર્યો હતો. તેઓ વિદ્યાર્થી કાળમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ સાથે જોડાયેલા હતા. રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘના પ્રચારક પણ રહ્યા હતા. ત્યારબાદ વર્ષ ૧૯૭૧માં તેઓએ ભારતીય જનસંઘ સાથે પોતાની રાજકીય કારકીર્દીની શરૂઆત કરી હતી. આપાતકાળ દરમિયાન તેમણે જેલવાસ પણ ભોગવ્યો હતો. સ્વ. વિજયભાઈ જાહેર જીવનની તેમની કારકિર્દી દરમિયાન રાજકોટ શહેરના મેયર, ૨૦૦૬થી ૨૦૧૨ સુધી રાજ્યસભાના સભ્ય રહ્યાં હતા. ભારતીય જનતા પાર્ટીના ગુજરાત પ્રદેશના પ્રમુખ તરીકે પણ તેમણે સેવાઓ આપી હતી. તેમજ હાલમાં તેઓ પંજાબ અને ચંદીગઢ ભારતીય જનતા પાર્ટીના પ્રભારી તરીકે સંગઠનમાં સેવાઓ આપી રહ્યાં હતા.

રાજ્યના કેબિનેટ મંત્રી તરીકે સ્વ. વિજયભાઈએ વર્ષ ૨૦૧૪થી ૨૦૧૬ દરમિયાન સેવાઓ આપી હતી. ગુજરાત રાજ્યના ૧૬માં મુખ્યમંત્રી તરીકે તેમણે ઓગસ્ટ, ૨૦૧૬થી સપ્ટેમ્બર, ૨૦૨૧ સુધી સેવાઓ આપી હતી. સ્વ. વિજયભાઈ રૂપાણીએ મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં તાઉ-તે વાવાઝોડા, કોરોના મહામારી જેવી કુદરતી આફતોમાં રાહત અને બચાવની કામગીરીમાં સફળ નેતૃત્વ પુરૂં પાડીને શ્રેષ્ઠ ઉદાહરણ સ્થાપિત કર્યું હતું.

તેમણે રાજ્યના નાગરિકોની સુખાકારી, સમૃદ્ધિ તેમજ સર્વાંગી વિકાસ અને છેવાડાના લોકો માટે અનેક નીતિઓ, કાર્યક્રમો અમલમાં મૂક્યાં હતા. તેમણે રાજકારણ અને સામાજિક ક્ષેત્રના દરેક તબક્કે લોકસેવાને પ્રાધાન્ય આપ્યું હતું. ગુજરાત મુખ્યમંત્રી તરીકે રાજ્યના અવિરત વિકાસમાં તેમનું મહત્વપૂર્ણ યોગદાન ગુજરાત હંમેશા યાદ રાખશે. તેમની ચિરવિદાયથી ગુજરાતના રાજકીય અને સામાજિક જીવનમાં મોટી ખોટ પડી છે. સ્વ. વિજયભાઈ રૂપાણીના અવસાન અંગે રાજ્ય મંત્રીમંડળ, ગુજરાતની જનતા અને સરકાર ઊંડા દુઃખ અને શોકની લાગણી વ્યક્ત કરે છે અને તેમના દિવંગત આત્માને ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે. આજની બેઠકમાં મંત્રીમંડળે સ્વ. વિજયભાઈ રૂપાણીના આત્માને પરમ શાંતિ મળે એવી પ્રભુ પ્રાર્થના સાથે બે મિનિટનું મૌન પાળી સ્વર્ગસ્થશ્રીને ભાવભરી શ્રધ્ધાંજલિ અર્પી હતી.

### યોગા ફોર વન અર્થ, વન હેલ્થ

# આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી રાજકોટમાં

## જીલ્લા કક્ષાનો કાર્યક્રમ કાલાવાડ રોડ ખાતેના મલ્ટી પર્પઝ સ્પોટ્ર્સ સંકુલ ખાતે કરાશે

રાજકોટ, તા. ૧૮

વરસાદી માહોલને ધ્યાને લઈને ૧૧માં ‘‘આંતરરાષ્ટ્રીય યોગ દિવસ’’ની ઉજવણીના કાર્યક્રમ સંદર્ભે જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી ખાતે બેઠક યોજાઈ હતી. જે અન્વયે આગામી તા.૨૧ જૂનના રોજ રાજકોટ જિલ્લામાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી લોધિકા સ્પોર્ટ સંકુલ ખાતે થવાની હતી, પરંતુ વરસાદી સ્થિતિને ધ્યાને રાખીને હવે જિલ્લા કક્ષાની ઉજવણી કાલાવાડ રોડ ખાતેના મલ્ટી પર્પઝ સ્પોટ્ર્સ સંકુલ, રાજકોટ ખાતે કરવામાં આવશે.



આ તકે જિલ્લા વિકાસ અધિકારીએ કાર્યક્રમની રૂપરેખા જણાવીને સ્થળની બેઠક વ્યવસ્થા, પોલીસ બંદોબસ્ત, પરિવહન - પાર્કિંગ વ્યવસ્થા, મેડિકલ વ્યવસ્થા, લાઈવ પ્રસારણ, પ્રચાર - પ્રસાર, પીવાના પાણીની વ્યવસ્થા, સ્વચ્છતા જાળવવા સહિતની કામગીરી અંગે સંબંધિત અધિકારીશ્રીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરીને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમજ સંબંધિત અધિકારી ઓને સ્થળ મુલાકાત કરીને નક્કર આયોજન કરવા જણાવ્યું હતું. તેમજ વધુમાં વધુ લોકોને સ્વસ્થ અને તંદુરસ્ત જીવન શૈલી માટે યોગના મહત્વને સમજીને કાર્યક્રમમાં સહભાગી થવા અને પોતાના ઘરે પણ યોગા કરીને યોગાને રોજિંદા જીવનનો ભાગ બનાવવા અપીલ કરી હતી.

આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર એ.કે.ગૌતમ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એ.કે. વસ્તાણી, પ્રાંત અધિકારી ચાંદની પરમાર, જિલ્લા રમત વિકાસ અધિકારી રમા મદ્રા, જિલ્લા યુવા વિકાસ અધિકારી હિતેશ દિહોરા સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# રાજપુરુષ-કુશળ પ્રશાસક મનોહરસિંહજી જાડેજા (દાદા)ના શિલ્પનું ૨૭ના અનાવરણ

## હરભમજીરાજ ગરાસિયા છાત્રાલય-રાજકોટ ખાતે કાર્યક્રમનું કરાયું જાજરમાન આયોજન

રાજકોટ, તા. ૧૮

રાજકોટમાં જ જન્મેલા અને કુશળ પ્રશાસક મનોહરસિહ જાડેજાએ પ્રાથમિક શિક્ષણ રાજકોટમાં લીધા બાદ આગળનો અભ્યાસ ઈંગ્લેન્ડમાં કર્યો હતો. ભારત આવ્યા બાદ તેઓ એક સારા અને ગણમાન્ય સ્પોર્ટસમેન પણ રહયા હતાં. તેઓ સૌરાષ્ટ્ર વતિ રણજી ટ્રોફી પણ રમ્યા છે. કોંગ્રેસના અગ્રણી તરીકે તેઓ રાજકોટથી ધારાસભ્ય તરીકે બે વખત ચૂટાયા હતાં.

કેબિનેટમા નાણામંત્રી તરીકે અને આરોગ્ય અને પુરવઠા મંત્રી તરીકે પણ સેવા આપી ચુક્યા છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસના ઉપપ્રમુખ તરીકે રહ્યા હતાં. વિધાનસભામાં ધારાસભ્ય તરીકે પ્રખર વકતા અને અભ્યાસુ ધારાસભ્ય તરીકે હંમેશા સૌનો આદર પામ્યા છે. અધિકારી વર્ગમાં પણ એક સુશિક્ષીત રાજનીતિજ્ઞ તરીકે વિશષ છાપ ધરાવે છે.

રાજકોટમાં યુવરાજ અને આઝાદી બાદ એક રાજકીય અગ્રણી તરીકે મનોહરસિંહ કોંગ્રેસમાં વરસો સુધી લોકપ્રિય રહ્યા છે. કોંગ્રેસના સતાકાળમાં તેમને દેશના ટોચના નેતા ઈન્દીરા ગાંધી, રાજીવ ગાંધી વગેરે સાથે અંગત સબંધો રહયા છે. કોંગ્રેસની ટોચની નેતાગીરી રાજકોટ,સૌરાષ્ટ્રના રાજકારણમાં મનોહરસિંહના અભિપ્રાયોનો તેમના સક્રિય વરસો દરમિયાન આદર કરતી રહી હતી.

ત્યારે પૂજ્ય દાદાની સેવા બદલ હરભમજીરાજ ગરાસિયા છાત્રાલય-રાજકોટ ખાતે નિર્ભેળ પ્રેમના આરાધક, વરિષ્ઠ રાજપુરુષ, કુશળ પ્રશાસક, સમર્થ સર્જક, રાજકોટના નેકનામદાર ઠાકોર સાહેબ મનોહરસિંહજી જાડેજા (દાદા) ના શિલ્પનું ૨૭ જૂનના રોજ રાજમાતા સાહેબ માનકુમારી દેવીજી તેમજ રાજકુમારી સાહેબ પ્રેમીલા કુંવરબાના વરદહસ્તે અનાવૃત થશે.



### અઢી અક્ષરના પ્રેમમાં અનેક થઇ ગયા છે બરબાદઃ પ્રેમના નામે વધુ એક ખેલ

# લવ સેક્સ ઔર ધોખાઃ યુવતિને ભોગવી પછી તરછોડી

## એક વર્ષ સુધી લગ્નના નામે આંબાઆંબલી દેખાડી પ્રકાશે વારંવાર દેહ પીંખ્યોઃ પછી ફોન કરી કઇ દીધું દેણું થઇ જતાં હું શહેર છોડી નીકળી ગયો છુંઃ યુવતિએ દાખલ કરાવી એફઆઇઆર

રાજકોટ તા. ૧૮

ફ્રેન્ડશીપ, લવશીપના નામે ખેલ ખેલવાના યુવતિઓ, સગીરાઓને દગો આપવાના બનાવો રોજીંદા થઇ પડ્યા છે. રોજબરોજ કોઇને કોઇ આવી ઘટના કોઇને કોઇ પોલીસ સ્ટેશનમાં નોંધાય છે. વધુ એક આવો કિસ્સો સામે આવ્યો છે જેમાં એક યુવતિ કે જે કપડાના શો રૂમમાં નોકરી કરતી હતી તેને સાથી કર્મચારી શખ્સે પ્રેમજાળમાં ફસાવી હતી અને લગ્નની લાલચ આપી અવાર-નવાર શરીર સંબંધ બાંધી લીધો હતો. પરંતુ પછી હમેંશા થતું હોય છે તેમ એટલે કે લવ સેક્સ ઔર ધોખા જેવુ આ યુવતિ સાથે થયું હતુ. છેલ્લે આ કહેવાતા પ્રેમીએ યુવતિને તરછોડી દીધી હતી. બીજી એક ઘટનામાં એક ધરાર પ્રેમીએ યુવતિને તારે મારી સાથે પ્રેમ સંબંધ રાખવો જ પડશે કહી ધમકાવી આબરૂ લૂંટવાનો પ્રયાસ કર્યો હતો.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો બનાવ સુરતનો છે. અહિ રહેતી ઉત્તર ગુજરાતની પચ્ચીસ વર્ષની યુવતીને કતારગામની કપડાંની શોપમાં સાથે કામ કરતા રાજસ્થાનના પ્રકાશ ચૌધરી સાથે પ્રેમ થયો હતો. એક વર્ષ સુધી યુવતીને ભોગવ્યા બાદ પ્રકાશ ચૌધરી મારે દેવું થઈ ગયું છે હું સુરત છોડીને ચાલ્યો ગયો છું તેમ કહી ભાગી નીકળતાં યુવતિએ દૂષ્કર્મની ફરિયાદ દાખલ કરાવી છે. પોલીસ સુત્રોએ જણાવ્યા અનુસાર કતારગામ વિસ્તારમાં રહેતી મૂળ ઉત્તર ગુજરાતની પચ્ચીસ વર્ષીય યુવતી કતારગામ વિસ્તારમાં બાળકોના કપડાંની દુકાનમાં નોકરી કરતી હતી ત્યારે સાથે કામ કરતા મૂળ રાજસ્થાનના -કાશ ચૌધરી સાથે પ્રે થયો હતો. બાદમાં યુવાને તેને લગ્નની લાલચ આપી અવારનવાર શરીર સંબંધ બાંધી એક વર્ષ સુધી ભોગવી હતી અને બાદમાં મારે દેવું થઈ ગયું છે હું સુરત છોડીને ચાલ્યો ગયો છું તેમ કહી તરછોડી દેતા આખરે યુવતીએ પ્રેમી યુવાન વિરૂધ્ધ કતારગામ પોલીસ મથકમાં દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી.

વધુ માહિતી અનુસાર કતારગામ વિસ્તારમાં માતાપિતા, ભાઈ ભાભી અને નાના ભાઈ સાથે રહેતી પચ્ચીસ વર્ષીય યુવતિ કતારગામ પારસ માર્કેટ



**અન્ય એક ઘટનામાં તારે મને પ્રેમ કરવો જ પડશે કહી યુવતિને પછાડી બળાત્કારનો પ્રયાસ**

વિસ્તારમાં બાળકોના કપડાંની દુકાનમાં નોકરી કરતી હતી.ત્યાં તેની સાથે નોકરી કરતા મૂળ રાજસ્થાન ઝાલોર રામપુરાના પ્રકાશ ખેમારામ ચૌધરી સાથે મિત્રતા થયા બાદ પ્રમસંબંધ બંધાયો હતો. પ્રકાશે લગ્ન માટે પૂછતાં યુવતિએ હા પાડી હતી અને ત્યાર બાદ બંને દુકાનની ઉપર રૂમમાં અને સિંગણપોરની એક હોટલમાં જઈને અવારનવાર મરજીથી શરીર સંબંધ બાંધતા હતા. યુવતિએ પ્રકાશને લગ્ન કરવા કહેતા તેણે મોટા ભાઈના લગ્ન થાય પછી ઘરેથી ડોક્યુમેન્ટ લાવીને લવમેરેજ કરવાનું કહ્યું હતું.

જો કે બાદ અચાનક જ પ્રકાશ ગાયબ થઇ ગયો હતો અને જોવા મળતો નહોતો. યુવતિએ તેને ફોન કરી ફરી લગ્ન માટે કહેતા પ્રકાશે કહ્યું હતું કે મારે દેવુ થઈ ગયુ છે અને હું સુરતથી કામ છોડીને ચાલી ગયો છું અને એક મહિના પછી હું તારી સાથે લગ્ન કરવા આવીશ.બાદમાં તેણે યુવતિ સાથે ફોન પર વાતચીત કરવાનું બંધ કરી દીધું હતું,ત્યાર બાદ ગત મહિને ફોન કરીને પ્રકાશે યુવતિને કહ્યું હતું કે તારે જે કરવું હોય એ કરી લેજે હું લગ્ન તો નથી કરવાનો.આથી છેવટે યુવતિએ પરિવાર સાથે ચર્ચા કર્યા બાદ પ્રકાશ વિરુદ્ધ ચોકબજાર પોલીસ મથકમાં દુષ્કર્મની ફરિયાદ નોંધાવતા પીએસઆઈ એસ. આઇ.મકરાણીએ વધુ તપાસ હાથ ધરી છે.

બીજી એક ઘટના વડોદરામાં બની છે. ડભોઇ નજીક તિલકવાડા રોડ ઉપર આવેલ ભંગારની એક વખારમાં ત્રેવીસ વર્ષની યુવતીને પાછળથી અમરેશ ગોરધન રાઠવા નામના યુવાને પકડી લઈ જમીન પર પાડી આબરૂ લેવાનો પ્રયાસ કર્યો હતો. યુવતીએ અમરેશ રાઠવાથી બચવા માટે -યાસ કરતા યુવતીને અમરેશે બે ત્રણ લાફા મારી દીધા હતા. જેથી યુવતીએ તાકાત કરતા અમરેશ ભંગારના સામાન પર ઉછળીને પડી ગયો હતો અને તેને શરીરે ઇજાઓ થઈ હતી. બાદમાં અમરેશે યુવતીને ધમકી આપી હતી કે તારે મારી સાથે જ પ્રેમ સંબંધ રાખવો પડશે અને તારે મને જ પ્રેમ કરવો પડશે નહીં તો હું તને જીવતી નહીં રાખું તેવી ધમકી આપી હતી. ઉપરોક્ત બનાવ અંગે ડભોઇ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ત્રણેય ઝોન માંથી ૧૧ કિલો પ્લાસ્ટિક જપ્ત

## છેલ્લા ૧૫ દિવસની કામગીરીમાં ૧૫૩ આસામીઓ પર તવાઈ : ૪૦૦૦૦નો દંડ વસૂલાયો



રાજકોટ, તા. ૧૮

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ૧૫ દિવસમાં પ્લાસ્ટિક નાબૂદી માટેના અનેકવિધ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યા જેમાં મહાનગરપાલિકાને ઘણો સારો પ્રતિસાદ પણ મળ્યો હોવાનું માલુમ પડ્યું છે. મહાનગરપાલિકા દ્વારા ત્રણેય ઝોન વિસ્તારમાં અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ત્યારે ત્રણેય ઝોનમાંથી કુલ ૧૫૩ આસામીઓ પાસેથી ૧૧.૫ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૪૦૫૦૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.ઉપરોક્ત કામગીરી મ્યુનિસિપલ કમિશનરની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનરના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેરના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઇજનેર/ સેનીટેશન ઓફિસરની હાજરીમાં કરવામાં આવ્યું.



# ભૂગર્ભ ગટર-મશીન હોલની સફાઈ કામગીરી અર્થે વર્કશોપ

**સેફ્ટીના સાધનોનો યોગ્ય ઉપયોગ કરવાથી તથા સફાઈ કામગીરીની યોગ્ય SOP અનુસરવાથી શક્ય અકસ્માતો નીવારી શકાય**

રાજકોટ, તા. ૧૮

નેશનલ સફાઈ કર્મચારી ફાયનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા નમસ્તે યોજના અંતર્ગત ભૂગર્ભ ગટર તથા મશીન હોલની સફાઈ કામગીરી સાથે સંકળાયેલ કામદારોને સેફ્ટીના સાધનોના વપરાશ તથા સલામતી અંગેની તાલીમ માટેનો વર્કશોપ યોજવામાં આવ્યો હતો.

નેશનલ સફાઈ કર્મચારી ફાયનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા ભૂગર્ભ ગટર તથા મશીન હોલની સફાઈ કામગીરી સાથે સંકળાયેલ સફાઈ કામદારો- વ્યક્તિઓની કામગીરી દરમ્યાન સેફ્ટીના સાધનોના વપરાશ PPE કીટ્સ, સલામતી સાધનો અને મશીનોના ઉપયોગ અને મહત્વ ,MS એક્ટ, ૨૦૧૩ની જોગવાઈ તથા ગટર અને સેપ્ટિક ટાંકીની સલામત અને આરોગ્યપ્રદ સફાઈ અંગેના ખજ નિયમો , ગટરો અને સેપ્ટિક ટેન્કની સફાઈ પહેલાં, દરમ્યાન અને પછી લેવાતા સાવચેતી પર પ્રેઝન્ટેશન , સ્વચ્છતા ઉદ્યમી યોજના હેઠળ સ્વચ્છતા સંબંધિત પ્રોજેક્ટ માટે ધિરાણ આપવાની યોજનાઓ , NAMASTE અને DAKSH હેઠળ તાલીમ આપી ગટર અને સેપ્ટિક ટેન્કની જોખમી સફાઈ અટકાવવા માટે અર્ધદિવસીય વર્કશોપ યોજાયેલ હતો.

આ કામગીરી સાથે સંકળાયેલા કામદારો સાથે ભવિષ્યમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સેફ્ટીના સાધનોનો યોગ્ય ઉપયોગ કરવાથી તથા સફાઈ કામગીરીની યોગ્ય SOP અનુસરવાથી શક્ય અકસ્માતો નીવારી શકાય છે. જે ધ્યાને લઈને નેશનલ સફાઈ કર્મચારી ફાયનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા વર્કશોપ યોજવામાં આવેલ. જેમાં ડ્રેનેજ પ્રોજેક્ટ શાખાના ના.કા.ઈ. પી.એમ.કાસુન્દ્રા, મદદનીશ ઈજનેર રાજેશ રાઠોડ, ગૌરવ પુરબિયા, વર્ક આસીસ્ટન્ટા રવી સોલંકી, નવઘણ જે. પ્રજાપતી તેમજ તમામ ૧૮ વોર્ડના ભૂગર્ભ ગટર ફરિયાદ નિકાલ વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર, મદદનીશ એન્જીનીયર/અધિક મદદનીશ એન્જીનીયર, વર્ક આસીસ્ટન્ટ, સેનેટરી ઇન્સ્પેક્ટર તથા આ કામગીરી સાથે સંકળાયેલ એજન્સીઓના પ્રતિનિધીઓ (કોન્ટ્રાક્ટર) તેમજ તમામ સફાઈ કામદારોને નેશનલ સફાઈ કર્મચારી ફાયનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા સેફ્ટીના સાધનોના વપરાશ તથા ભૂગર્ભ ગટર તથા મશીન હોલની સફાઈ કામગીરી અંગેની યોગ્ય SOP અંગેની વિસ્તારપૂર્વક માહિતી આપવામાં આવેલ. આ સમગ્ર વર્કશોપનું આયોજન ડ્રેનેજ પ્રોજેક્ટ વિભાગના સીટી એન્જીનીયર કે.પી.દેથારીયાના માર્ગદર્શન હેઠળ થયેલ હતું.

રાજકોટ મહાનગરપાલિકાના દરેક વોર્ડના ના.કા.ઈઓ, મ.ઈ/ અ.મ.ઈ., સેનેટરી ઇન્સ્પેક્ટરઓ, તથા ભૂગર્ભ ગટર તથા મશીન હોલની સફાઈ કામગીરી સાથે સંકળાયેલ એજન્સીઓ તેમજ તેમના કામદારોને સેફ્ટીના સાધનોના વપરાશ તથા સલામતી અંગે જાગૃતતા ખાતર તેમજ જાણકારી મળે તથા સતર્કતા રહે તે હેતુથી આ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

### એક જ પ્રકારે થઇ રહેલા ફ્રોડની અનેક ઘટનાઃ છતાં લોકો નથી થઇ રહ્યા જાગૃત

# યુકેમાં નોકરીના નામે યુવાનને લાખોમાં ખંખેરી લેવાયા

## લેભાગુ એજન્ટોએ એકતાલીસ લાખ લઇ બંનેને યુકે તો મોકલી દીધાઃ પરંતુ ત્યાં જઇ જોતાં નોકરીના નામે મળ્યો ઠેંગોઃ વીલા મોઢે પાછા વતન આવી દાખલ કરાવી ફરિયાદ

રાજકોટ તા. ૧૮

અલગ અલગ પ્રકારની છેતરપીંડી કરીને અમુક ગઠીયાઓ પોતાના ખિસ્સા ભરતાં હોય છે. આ પ્રકારની ઘટનાઓ રોજ ઉઠીને પોલીસ દફતરે નોંધાતી રહે છે. શેર બજારમાં કમાણીના નામે ફ્રોડ, અલગ અલગ સ્કીમમાં મોટા વળતરની લાલચ આપી ફ્રોડ, ટાસ્કના નામે ફ્રોડ, વિદેશના વર્ક પરમીટ વિઝાના નામે ફ્રોડ અને બીજા અનેક પ્રકારના ફ્રોડ રોજ થતાં રહે છે. લોકો રોજ લાખો કરોડો ગુમાવતાં રહે છે. વધુ એક ઘટનામાં વિદેશમાં વિઝા સાથે નોકરી આપવાની લાલચ દઇ બે યુવાનો સાથે એકતાલીસ લાખની ઠગાઇ થઇ છે. યુકેમાં નોકરી અપાવી દેવાની ખાત્રી આપી આ યુવાનોને ખંખેરી લેવાયા હતાં. બંનેને યુકે સુધી પહોંચાડી પણ દેવામાં આવ્યા હતાં. પરંતુ ત્યાં નોકરીના કોઇ ઠેકાણા ન હોઇ બંને પાછા આવી ગયા હતાં.

વિગતો પર નજર કરીએ તો વિદેશમાં નોકરી અપાવવાના બહાને વધુ એક છેતરપિંડી બહાર આવી છે. જેમાં ગાંધીનગરના યુવાન તેમજ અન્ય એક યુવાનને યુકેમાં નોકરી અપાવવાના બહાને ૪૧ લાખ રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી છે. જે સંદર્ભે સીઆઇડી ક્રાઈમમાં ગુનો દાખલ કરવામાં આવતા પોલીસે અમદાવાદ અને આંધ્ર-દેશના બે શખ્સોની શોધખોળ આદરી છે. હાલમાં ગુજરાતમાં યુવાનોને વિદેશમાં નોકરી અપાવવાના બહાને તેમની પાસેથી લાખો રૂપિયા પડાવવામાં આવી રહ્યા છે ત્યારે વધુ બે યુવાનો આ જ પ્રકારની છેતરપિંડીનો ભોગ બન્યા છે. જે અંગે મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરના સેક્ટર ૨- બી પ્લોટ નંબર ૧૫૩ / ૨માં રહેતા અને ગાંધીનગર કોર્પોરેશનમાં આસિસ્ટન્ટ સીટી એન્જિનિયર તરીકે કામ કરતા સુરેશભાઈ વિઠ્ઠલભાઈ દત્ત દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

જેમાં વિગતો આપતાં જણાવાયું હતું કે પ્રકાશ ગોવિંદભાઈ રાઠોડ તેમના ઘરે આવ્યા હતા અને તેમના પુત્ર અંકિતને યુકે ખાતે વર્ક પરમિટ વિઝા પર વિદેશ મોકલીને નોકરી અપાવવાનો ભરોસો આપ્યો હતો. પ્રકાશ રાઠોડે યુનાઇટેડ કિંગડમની કંપનીનો કોસ લેટર આપ્યો હતો અને તેના આધારે અંકિતના યુકે વર્ક વિઝા મેળવી આપ્યા હતા. આ કામ માટે ૨૨.૫૦ લાખ આપ્યા હતા. જોકે યુકે ગયા બાદ અંકિતને જણાવેલી કંપનીમાં નોકરી આપવામાં આવી ન હતી અને તે પરત ફર્યો હતો. જ્યારે મનુભાઈ છોટાલાલ પટેલના પુત્ર મીત સાથે પણ આ જ પ્રકારે છેતરપિંડી કરવામાં આવી હતી અને તેની પાસેથી




**સાયબર ફ્રોડનો નવો નુસ્ખોઃ બ્રાન્ડેડ કપડા ખરીદી નુકસાની છે કહી પાછા મોકલી રીફન્ડ ખાઇ જવાનો ખેલ**

૧૮.૪૪ લાખ રૃપિયા લેવામાં આવ્યા હતા. જોકે તેને પણ નોકરી આપવામાં આવી ન હતી. જેથી આ સંદર્ભે હાલ ગાંધીનગર સીઆઈડી ક્રાઈમ દ્વારા આરોપી પ્રકાશભાઈ ગોવિંદભાઈ રાઠોડ રહે. બી/૫૦૩, શિવમ રેસિડેન્સી, કારગિલ પેટ્રોલપંપ પાસે, ચાણક્યપુરી, અમદાવાદ અને વાયુપુત્ર અનિરૂધ્ધ કે જે વિદ્યાનગર, વિશાખાપટ્ટનમ આંધ્રપ્રદેશનો રહેવાસી છે તેની સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

વિદેશના વિઝા અને શેર બજારમાં કમાણીના નામે છેતરપીંડીની ઘટનાઓ એક બે નહિ અનેકાનેક બની ચુકી છે. સતત આ પ્રકારણે લોકો છેતરાતા રહે છે, આ અંગેના ન્યુઝ પણ સમાચાર પત્રો, ટીવી ચેનલોમાં આવતાં રહે છે. આવા ફ્રોડથી બચવા લોકોને ચેતવવામાં પણ આવી રહ્યા છે. આમ છતાં લોકોમાં જાગૃકતાનો અભાવ અથવા તો લાલચ તેને આ પ્રકારના ફ્રોડનો ભોગ બનાવતી હોય તેવુ જણાઇ આવે છે.

બીજી તરફ સાયબર ફ્રોડની એક નવતર ઓપરેન્ડી સામે આવી છે. જેમાં મોંઘા કપડા ખરીદી બાદમાં તેમાં નુકસાની છે તેવું કહી પાછા મોકલી સાંઇઠ ટકા રિફન્ડ મેળવવાનો ખેલ ચાલુ થયો છે. ચાઇના સાથેના સાયબર ફ્રોડમાં સંડોવાયેલા ત્રણ આરોપીઓને કોર્ટમાં રજૂ કરી પોલીસે રિમાન્ડ મેળવ્યા હતા જેમાં આરોપી સંજય ગાબુના છ દિવસના તથા રામસ્વરૂપ અને સાગર બિાોઇના પાંચ-પાંચ દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. સમગ્ર કેસની તપાસ કરી રહેલા ક્રાઇમ બ્રાન્ચને જાણવા મળ્યું છે કે રાજસ્થાનનો અન્ય આરોપી પ્રમોદ આ તમામ આરોપીઓને બેન્ક એકાઉન્ટ ખોલાવવા બદલ જે કમિશન થતું હતું તે રોકડમાં આપતો હતો.

તપાસમાં ખુલ્યું છે કે આરોપીઓ જે કમિશન મેળવતા હતા તેમાંથી મોંઘા બ્રાન્ડના કપડાં ખરીદતા હતા અને બાદમાં તેમાં ડિફેક્ટ હોવાનું કહી અને તેના ફોટા પણ અપલોડ કરી કંપનીઓને રિફંડ આપવાનું કહેતા હતા અને ન આપે તો સોશિયલ મીડિયા પર કંપનીઓની બદનામી કરવાની ધમકી આપી ૬૦ ટકા રિફંડ કપડા વેચી દેતા હતા. આરોપી લોભ આપીને લોકો પાસે બેન્ક એકાઉન્ટ ખોલાવતા હતા અને એકાઉન્ટ ધારકો પાસેથી કીટો અને મોબાઈલ નંબરના સિમકાર્ડ મેળવી આ એકાઉન્ટમાં પોતાની રીતે ખોટા યુઝરનેમ અને પાસવર્ડ બનાવી ખોટી કિંમતી જામીનગીરીઓ ભી કરી, ખોટા ઇલેક્ટ્રોનિક કુટલેખનવાળા દસ્તાવેજો ભા કરી કીટની માહિતી ચાઇના મોકલી ત્યાંના આરોપીઓના ટેલીગ્રામ ગ્રુપમાં મોકલી, રૂપિયા પણ વોલેટ, ક્રિપ્ટો કરન્સી અને યુએસડીટી મારફત ટ્રાન્સફર કરી આપતા હતા. ચાઇનીઝ વ્યક્તિઓના બુકકિપિંગ રોબોટ રેમ નામના ટેલિગ્રામ ગ્રુપ સંદર્ભે આરોપી કોઈ હકીકત જણાવતા નથી. કેટલા રૂપિયા ટ્રાન્સફર કરાયા અને કેટલું કમિશન મેળવાયુ તેની તપાસ યથાવત રખાઇ છે.

# અધિકારી નહિ સ્થિતિ બદલો

## લોકહિત અને લોકોની અનુકૂળતાને પ્રાધાન્ય મળવું જોઇએ : જવાબદારી ફિક્સ કરો




ગુજરાતમાં આઇએએસ અધિકારીઓનો મોટો ઘાણવો નીકળ્યો છે. રાજકોટમાં મોટો બદલાવ થયો છે. કલેક્ટર તરીકે ડો. ઓમપ્રકાશજીને ચાર્જ સોંપવામાં આવ્યો છે. તેઓ રાજકોટ જિલ્લાના ૫૧માં કલેક્ટર બનશે. ડો. ઓમપ્રકાશજીનું સ્વાગત છે.

આ બદલીના ઘાણવામાં અનેક અધિકારીઓની જવાબદારીમાં ફેરબદલ થયા છે. અધિકારીઓની બદલી વારંવાર થતી રહે છે. શાસક અને તંત્ર પોતાની અનુકૂળતા અને ગોઠવણ પ્રમાણે બદલી કરતા હોય છે. આ તેમનો અધિકાર પણ છે. બદલીઓ થાય ત્યારે મીડિયા જગત બ્રેકિંગ ન્યૂઝના મારા ચલાવી દે છે.

આ પરંપરાની તટસ્થ અને ઊંડાણપૂર્વક સમીક્ષા થવી જોઇએ તે થતી નથી. બંધારણ પ્રમાણે તંત્ર-અધિકારીઓની ભૂમિકા ખૂબ મહત્વની હોય છે. સરકારના નિર્ણયોનો અમલ કરવો, કરાવવો અને લોકોની સેવા કરવી, લોકો માટે અનુકૂળ સ્થિતિ સર્જવી આ મુખ્ય કાર્યો છે. આ કાર્યો કરવા માટે અધિકારીઓને વિશેષ પાવર તંત્ર અને તગડો પગાર-સુવિધા આપવામાં આવે છે.

ભારતીય લોકશાહીની પરંપરામાં અધિકારીઓ પાવર ભોગવે છે પણ તેના કાર્ય માટે જવાબદારી ફિક્સ નથી. લોકો માટેના કાર્યો અને લોકોની અનુકૂળતાના દ્રષ્ટિકોણનો તો ક્લાસ જ નથી. આ સ્થિતિ હકીકત છે. અધિકારી બદલે કે ન બદલે, લોકોને કંઇ ફેર પડતો નથી. સ્થિતિ બદલાવી જોઇએ.

અધિકારીઓ ધારે તો પ્રતિકૂળ સ્થિતિમાં પરિવર્તન આવતા વાર પણ લાગતી નથી. રાજકોટે જગદીશન રૂપે અધિકારીને અનુભવ્યા છે. અધિકારીનો પાવર કેટલો હોય અને ધારે તો કેટલા ડેરિંગથી કામ કરી શકે તે બાબત જગદીશને દેખાડી દીધી હતી. આકરા અને તીવ્ર નિર્ણયો લેનાર જગદીશન રાજકોટમાં એટલા લોકપ્રિય બન્યા હતા કે તેઓ ઇચ્છે તો સ્વબળે ધારાસભ્ય કે સાંસદ સરળતાથી બની શક્યા હોત. નવી પેઢીના અધિકારીઓએ જગદીશન પ્રકરણનો અભ્યાસ કરીને પ્રેરણા લેવી જોઇએ. વર્તમાન સમયમાં અધિકારીઓની બદલીની લોકો નોંધ પણ લેતા નથી.

જગદીશનની બદલીનો ઓર્ડર નીકળ્યો ત્યારે રાજકોટમાં લોકોએ જ માહોલ સજ્યો હતો તે પણ ઐતિહાસિક હતો. પ્રકૃતિનો નિયમ છે કે, દરેક માણસમાં કંઇક વિશેષ છે અનન્ય વિશેષતાઓ દરેકમાં છે તેમ દરેક અધિકારીઓમાં પણ છે. ગાડરિયા પ્રવાહની જેમ ચાલતા હોવાથી સ્થિતિમાં બદલાવ થતો નથી. પ્રવાહ તોડીને આત્મબળથી કંઇક કરી દેખાડવું પડે.

અધિકારી વર્ગના ગાડરિયા પ્રવાહના કારણે લોકશાહીને પણ નુકસાન થાય છે. અધિકારીઓના રૂપમાં રાજા મળી રહ્યા છે. આવી માનસિકતાવાળા માટે શાસકે અધિકારીઓની જવાબદારી ફિક્સ કરવી અનિવાર્ય છે.






# કેદારનાથ ભૂસ્ખલન : ૨ મોત

## અચાનક ભારે કાટમાળ પડવાને કારણે પાંચ લોકો ઊંડા ખાડામાં પડ્યા, ત્રણ ઈજાગ્રસ્ત

નવીદિલ્હી, તા. ૧૮

ગૌરીકુંડ-કેદારનાથ વોકવે પર જંગલચટ્ટી પાસે એક મોટો અકસ્માત થયો હતો. પહાડી પરથી અચાનક ભારે કાટમાળ પડવાને કારણે પાંચ મજૂરો તેની પકડમાં આવીને ઊંડી ખાડામાં પડી ગયા. અકસ્માતમાં ઘટનાસ્થળે જ બેના મોત થયા હતા. બંને મૃતકો જમ્મુના રહેવાસી હતા જેઓ ડંડી-કાંડી ચલાવતા હતા. જ્યારે ત્રણ ગંભીર રીતે ઘાયલ છે. અકસ્માતની પુષ્ટિ કરતા, જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન અધિકારીએ જણાવ્યું હતું કે આ ઘટના ટેકરી પર ભૂસ્ખલનને કારણે બની હતી. સ્થાનિક વહીવટીતંત્ર અને જીઉઇઋની ટીમ દ્વારા બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

ઘાયલોને ખાડામાંથી બહાર કાઢવામાં આવ્યા હતા અને પ્રાથમિક સારવાર માટે સલામત સ્થળોએ મોકલવામાં આવ્યા હતા. ઉત્તરાખંડના મોટાભાગના ભાગોમાં છેલ્લા કેટલાક દિવસોથી ચોમાસા પહેલાનો વરસાદ ચાલુ છે. હવામાન વિભાગે ૧૯ જૂને રાજ્યના ઘણા જિલ્લાઓમાં જોરદાર ગર્જના અને હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી હતી. તે જ સમયે, ડુંગરાળ વિસ્તારોમાં ભારે વરસાદ અંગે પણ ચેતવણી જારી કરવામાં આવી હતી. હવામાનશાસ્ત્ર કેન્દ્રના જણાવ્યા અનુસાર, બગેશ્વર અને પીથોરાગઢ જિલ્લાના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદને લઈને પીળી ચેતવણી જારી કરવામાં આવી છે.

આ ઉપરાંત અન્ય પહાડી જિલ્લાઓમાં પણ જોરદાર ગાજવીજ અને પવન સાથે વરસાદની સંભાવના છે. વિભાગના જણાવ્યા અનુસાર, ૨૩ જૂન સુધી રાજ્યમાં હવામાન સમાન રહેશે, જેના કારણે મુસાફરો અને સ્થાનિક લોકોને સતર્ક રહેવાની સલાહ આપવામાં આવી છે. આ ઘટના સવારે ૧૨ વાગ્યાની આસપાસ બની હતી. જ્યારે યાત્રા પર જઈ રહેલા કેટલાક લોકો જંગલ ચટ્ટીમાં પોલ નંબર ૧૫૩ પાસેના ખાડામાં પડ્યા હતા, ત્યારબાદ ડીડીઆરએફની ટીમ ઘટના વિશે માહિતી મેળવીને, જંગલ ચટ્ટી અને પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને તરત જ બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે અત્યાર સુધી ટીમે બે અજાણ્યા મૃતકોના મૃતદેહોને બચાવ્યા છે અને તેમને કાંડી દ્વારા ગૌરીકુંડ મોકલ્યા છે. ગુમ થયેલ વ્યક્તિ અને ઘાયલોને ખાડામાંથી બહાર કાઢવા માટે બચાવ ટીમ ખાડાની અંદર ગઈ છે.

જોકે, ૧૭ જૂનના રોજ, માર્ગ સાફ કરવામાં આવ્યો અને મુસાફરી ફરી શરૂ કરવામાં આવી. હવે, ટેકરી પરથી ખાડામાં પડવાને કારણે, બે લોકોના મોત થયા અને ત્રણ લોકો ઘાયલ થયા. હવામાન વિભાગે ઉત્તરાખંડના કેદારનાથમાં વરસાદની ચેતવણી જારી કરી છે અને વરસાદને કારણે યાત્રા પર જતા લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આવી સ્થિતિમાં, વહીવટીતંત્ર દ્વારા અપીલ પણ કરવામાં આવી હતી કે મુસાફરો હવામાનની આગાહી મુજબ મુસાફરી કરે.

# પાકિસ્તાન સામે અમેરિકાનું વલણ બદલતા જ કોંગ્રેસે સાધ્યું નિશાન

## અમેરિકા સાથે વ્યાપાર ન કરવા જણાવ્યું : અમેરિકાની બેધારી નીતિ ભારત માટે જોખમ

નવીદિલ્હી, તા. ૧૮

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વ્હાઇટ હાઉસમાં પાકિસ્તાનના આર્મી ચીફ અસીમ મુનીરનું સ્વાગત કરવાના છે. દરમિયાન, કોંગ્રેસે બુધવારે સરકારને ઘેરવાનો પ્રયાસ કર્યો. કોંગ્રેસે કહ્યું કે આ ભારતીય વિદેશ નીતિ માટે ''ત્રણ ફટકો'' છે અને ''હવે અમેરિકા સાથે વ્યવહાર કરવો પણ આપણા માટે એક મોટો પડકાર બની ગયો છે.'' કોંગ્રેસના સંદેશાવ્યવહાર પ્રભારી જયરામ રમેશે એક નિવેદનમાં કહ્યું, 'ભારતીય વિદેશ નીતિ અને રાજદ્વારી પરના 'ત્રણ ફટકા'ને સમજો.' આજે ફિલ્ડ માર્શલ અસીમ મુનીર, જેમની ઉશ્કેરણીજનક, ઉશ્કેરણીજનક ટિપ્પણીઓ પહેલગામ આતંકવાદી હુમલા સાથે સીધી રીતે જોડાયેલી છે.

રમેશે કહ્યું કે મુનીરને આમંત્રણ આપવું એ ભારતીય રાજદ્વારી માટે એક આંચકો છે અને અમે તેના વિશે મૌન છીએ અને તેના પર કોઈ વાંધો ઉઠાવ્યો નથી. બીજું, યુએસ સેન્ટ્રલ કમાન્ડના વડા જનરલ માઈકલ કુરિલા કહે છે કે આતંકવાદ સામેની લડાઈમાં પાકિસ્તાન એક અભૂતપૂર્વ ભાગીદાર છે.



અમે કહી રહ્યા છીએ કે પાકિસ્તાન એક અભૂતપૂર્વ ગુનેગાર છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પ દાવો કરી રહ્યા છે કે તેમણે યુદ્ધવિરામ કરાવ્યો, તેમણે વેપારનો ઉપયોગ એક સાધન તરીકે કર્યો અને તેમણે પાકિસ્તાન અને ભારતને એકસાથે મૂક્યા. પીએમ ચૂપ રહ્યા. ત્રીજો ફટકો. આનો જવાબ આપવામાં આવ્યો ન હતો.

આજે અમને કહેવામાં આવ્યું કે તેમણે રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે ફોન પર ૩૫ મિનિટ વાત કરી અને તેમણે વિદેશ સચિવે કહેલી ઘણી વાતો કહી. સંસદમાં પણ આ જ વાત કહો. પહેલગામ હુમલા અને ઓપરેશન સિંદૂર પછીની પરિસ્થિતિની ચર્ચા કરવા માટે ખાસ સત્ર બોલાવવાની કોંગ્રેસની માંગને પુનરાવર્તિત કરતા રમેશે કહ્યું, ''સંસદનું ખાસ સત્ર બોલાવો. કાલે સર્વપક્ષીય બેઠક બોલાવો અને તે જ વાતો કહો જે તમે રાષ્ટ્રપતિ ટ્રમ્પને ફોન પર કહી છે. આવા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર વડા પ્રધાન કેમ ચૂપ છે? તેમની પાસે બોલવાની હિંમત હોવી જોઈએ. અમે સંસદમાં ચર્ચા ઇચ્છીએ છીએ; અમે રચનાત્મક ચર્ચા ઇચ્છીએ છીએ; અમે સર્વપક્ષીય બેઠક ઇચ્છીએ છીએ. અમે આ મુદ્દા પર એકતા અને એકતા બતાવવા માંગીએ છીએ. ચીન સાથે વ્યવહાર, પાકિસ્તાન સાથે વ્યવહાર અને હવે અમેરિકા સાથે વ્યવહાર પણ અમારા માટે એક મોટો પડકાર બની ગયો છે. જો તમે ખાસ સત્ર બોલાવવા માંગતા નથી, તો ૨-૩ દિવસની ચર્ચા કરો.

# FASTagમાં 3 હજાર ભરો અને એક વર્ષ ટોલટેક્સ વગર કરો મુસાફરી

## નવો FASTag પાસ કાર, જીપ અને વાન જેવા બિન-વાણિજિયક ખાનગી વાહનો માટે લાગુ પડશે

નવીદિલ્હી, તા. ૧૮

ખાનગી વાહન ચાલકો માટે મોટી રાહતના સમાચાર છે. જો તમે વારંવાર હાઈવે પર વાહન ચલાવો છો, તો હવે તમને વારંવાર ટોલ ભરવાની ઝંઝટમાંથી રાહત મળશે. આ સાથે, તમારા ખિસ્સા ખર્ચમાં પણ ઘટાડો થવાનો છે. હકીકતમાં, માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે આજે જાહેરાત કરી છે કે તે રાષ્ટ્રીય રાજમાર્ગો પર સરળ મુસાફરી માટે ફાસ્ટેગ વાર્ષિક પાસ રજૂ કરવા જઈ રહ્યું છે. ચાલો FASTag વાર્ષિક પાસ વિશે વિગતવાર જાણીએ, તેની માન્યતા કેટલી હશે, તે કયા વાહનો પર લાગુ થશે અને વર્ષમાં કેટલી વાર મુસાફરી કરી શકાશે. ઈ-મેલ પર આ જાહેરાત કરતા, કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે ૧૫ ઓગસ્ટ, ૨૦૨૫ થી અમલમાં આવનાર 3,000 રૂપિયાના વાર્ષિક FASTag પાસની રજૂઆત કરીને રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર મુશ્કેલીમુક્ત મુસાફરી તરફ એક મોટું પગલું લેવામાં આવી રહ્યું છે. નવો FASTag પાસ કાર, જીપ અને વાન જેવા બિન-વાણિજ્યિક ખાનગી વાહનો માટે લાગુ પડશે.

૧ વર્ષ માટે FASTag પાસની કિંમત 3,000 રૂપિયા હશે, અને તે સક્રિયકરણની તારીખથી એક




વર્ષ માટે અથવા ૨૦૦ મુસાફરીઓ સુધી (જે વહેલું હોય તે) માન્ય રહેશે. FASTag વાર્ષિક પાસની આ નવી સિસ્ટમ વપરાશકર્તાઓને આખા વર્ષ માટે એક જ વ્યવહારમાં સરળતાથી ટોલ ચૂકવણી કરવામાં મદદ કરશે. આ નીતિ ટૂંકા અંતરની મુસાફરી કરતી વખતે વારંવાર ટોલ ચૂકવવાની લોકોને લાંબા સમયથી ચાલતી સમસ્યાનો પણ ઉકેલ લાવશે. આ પાસનો ઉદ્દેશ્ય ટોલ સંબંધિત ફરિયાદો ઘટાડવાનો છે અને ખાસ કરીને ટોલ પ્લાઝાની નજીક ૬૦ કિમીની ત્રિજ્યામાં રહેતા મુસાફરો માટે ફાયદાકારક રહેશે.

FASTag પાસ હાઈવે ટ્રાવેલ મોબાઈલ એપ, નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઇન્ડિયા અને રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલયની સત્તાવાર વેબસાઈટ પરથી ખરીદી શકાય છે. લોન્ચ પહેલાં સક્રિયકરણ અને નવીકરણ માટે એક અલગ લિંક સક્રિય કરવામાં આવશે. ગડકરીના મતે, આ નીતિ ૬૦ કિમીની મર્યાદામાં સ્થિત ટોલ પ્લાઝા અંગે લાંબા સમયથી ચાલી આવતી ચિંતાઓને દૂર કરવા અને એક જ, સસ્તા વ્યવહાર દ્વારા ટોલ ચૂકવણીને સુવ્યવસ્થિત કરવા માટે ડિઝાઇન કરવામાં આવી છે. તેમણે ઉલ્લેખ કર્યો કે વેઈટિંગ સમય ઘટાડીને, ભીડ હળવી કરીને અને ટોલ પ્લાઝા પર વિવાદો ઘટાડીને, વાર્ષિક પાસનો ઉદ્દેશ લાખો ખાનગી વાહન માલિકોને ઝડપી અને વધુ સરળ મુસાફરીનો અનુભવ પ્રદાન કરવાનો છે.વાહન માલિકો કોઈપણ વધારાના દસ્તાવેજો અથવા ખાતામાં ફેરફાર કર્યા વિના નવી સિસ્ટમમાં શિફ્ટ થઈ શકે છે. FASTag વપરાશકર્તાઓ તેમના ચાલુ ખાતાઓ દ્વારા નવી નીતિમાં ફેરફાર કરી શકે છે. ૧૫ વર્ષ માટે 30,000 રૂપિયાની એક વખતની ચુકવણી સાથે આજીવન FASTag સ્થાપિત કરવાની અગાઉની યોજના બંધ કરવામાં આવી છે.

# શબ્દ બ્રહ્મ

### સદગુરૂ કૃપા હી કેવલમ્...

## ચિંતનની ક્ષણે

## એવું લાગે કે આપણી સંસ્કૃતિમાં ''સંયુક્ત કુટુંબ પ્રથાની જે પરંપરા હતી,એ બહુ સારી હતી



હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. શનિવાર માટે નવી કથાનાં સંકલન માટે માનસ સેવાયજ્ઞ લખવાનું નક્કી કર્યું, કારણકે બહુ સ્વાભાવિક રીતે જ સમાજમાં ઘણું બધું સારું થઈ રહ્યું છે, ધર્મને નામે પણ થાય છે, અને દાન પણ સારું એવું થતું આપણે જાણવા મળે છે, પરંતુ માનવી માંથી સેવાનો ભાવ ઘટતો જાય છે, અને એટલે જ પરિવાર તૂટતાં જાય છે. માનવી સુખ માટે રુપિયા પાછળ ગમે તેટલું દોડે , પણ જીવનને હર્યુંભર્યુ અને રંગીન બનાવવા માટે માત્ર સુખ અથવા ભોગ વિલાસ કે સાધનનું હોવું પર્યાપ્ત નથી, સુખ દુઃખ કોઈ સાથે વહેંચી શકાય, એવા સબંધો પણ બહુ જરૂરી છે! અને એટલે જ ભારતીય સંસ્કૃતિમાં સંયુક્ત કુટુંબ પ્રથાને નામે બહુ મહત્વની પ્રણાલી કે પરંપરા હતી! એ બહુ સારી હતી! કારણકે કે એકલતા અથવા સ્વતંત્રતા એ બે પરિબળ ડિપ્રેશન માટેનાં છે, પરંતુ દેશ કાળ પ્રમાણે એ બધું તૂટતું ગયું, અને માનવીએ મને કમને સ્વીકારવું પણ રહ્યું, કારણકે સમયની માંગ છે. શિક્ષણનો વ્યાપ વધ્યો અને માતા પિતાની માનસિકતા પણ બદલાતી ગઈ, કે પાંખ આવે એટલે પંખી પોતાનો નવો માળો કરે તો, એ કંઈ ખોટું નથી, પરંતુ વાર તહેવારે જે ખુશી પરિવારજનો સાથે વહેંચવાથી મળતી હતી! એમાં ઓટ ચોક્કસ આવી ગઈ. પરિવારો તૂટતા જવાબદારીઓ એક બાજુ વધી ગઈ, તો બીજી બાજુ ઓછી થતી ગઈ. સ્વતંત્રતાના માપદંડ પણ બદલાઈ ગયાં! માનસ સંકુચિત થતાં ગયાં, અને આમ હુંફાળા સંબંધોમાં પણ ઔપચારિકતા આવી ગઈ, જે સમાજનાં સર્વાંગી વિકાસ માટે બાધક છે. વિજ્ઞાનની રીતે આપણે ગમે તેટલી તરક્કી કરીએ, પરંતુ માનવી એક સામાજિક પ્રાણી છે, અને એને સમય સમયે જેમ ખોરાક જોઈએ, એ જ રીતે એને હુંફ પણ જોઈએ, લાગણી પણ જોઈએ, પ્રેમ પણ જોઈએ, અને જો પ્રેમ ન મળે તો માણસમાં વિકૃતિ આવે. સમાજમાં થતા નાના મોટા ક્રાઈમ મોટેભાગે કોઈને કોઈ વિકૃતિનું કારણ જ હોય છે, અને એની પાછળ, જે તે વ્યક્તિને પરિવારમાંથી પ્રેમ ન મળ્યાનું કારણ મળે છે. માનવીની દરેક પ્રકારની ભૂખ માટે એક એક સીમા રેખા નિશ્ચિત હોય છે, એટલે કે વધતી ઓછી માત્રામાં પણ એ તેનાથી ક્યારેક ને ક્યારેક ધરાઈ જાય, કે ઉબાઈ પણ જાય! પરંતુ લાગણી એ એક એવો પ્રેમ પેય પદાર્થ છે, જેનાથી એ ક્યારેય ધરાતો નથી! હા પઝેશન એ એક અલગ ભાવ છે. માતાનો સંતાન સાથે નો, પિતાનો સંતાન સાથેનો, ભાઈ ભાઈ નો, ભાઈ બહેન નો, કાકા કાકી, મામા મામી, માસી માસા ફઈ ફુવા આ બધા જ સંબંધો જો આ લાગણી નામના પ્રેમ પેય પદાર્થથી સિંચાતા હોય તો પરિવારનો એક એક જણ પ્રસન્ન રહે! જે લાગણી એને સંયુક્ત કુટુંબમાંથી જ મળી રહેતી.

પરંતુ પરિવારો તૂટી ગયા અને માતા પિતા અલગ પુત્ર પૂત્રવધૂ કે દીકરી જમાઈ કે પછી ભાઈ ભાઈ અલગ થયા, અને હવે અહીં તેને સ્વતંત્રતા તો મળી, પરંતુ હું લાગણીની બાબતમાં બેલેન્સ ઓછું થવા લાગ્યું, અને ઘણીવાર સંસ્કાર નબળા પડતા યુવાની વ્યસનના માર્ગે ચડી કે પછી અન્ય રીતે વિકૃત થઈ. આ ઉપરાંત બંને પક્ષ શિક્ષિત અને સ્વતંત્ર હોવાથી વિચારધારામાં પણ વારંવાર દર્શન થવા લાગ્યું, અને એને કારણે નિધિ સંબંધોમાં પણ ક્યાંક થોડી ઘણી ઔપચારિકતા આવી ગઈ. દરેકે દરેક ભાવ કોઈ સાથે વહેંચી ન શકવાને કારણે ઉપરાંત તેને ઉંમર સહજ ભાવ પણ સ્પર્શતા હોયને તેને અંગત મિત્રની જરૂર પણ પડે! જે અત્યારના સમયમાં યોગ્ય ન હોય તો ઉત્તમમાં ઉત્તમ સમય પણ કસમય અને અસમય થઈ જાય છે!

દુનિયાનાં ગમે તે છેડે જાઓ ગમે તેટલાં સ્વતંત્ર રહો, ગમે તેટલા સુખી હોય, કે ગમે તેટલાં શિક્ષિત હોય પણ, સમય સંજોગ સંબંધ અને પોતાના સ્વભાવની આસપાસ જ દરેકના જીવન પરિક્રમા કરતા હોય છે, અને એ આપણાં સંસારીઓની સૌથી મોટી લાક્ષણિકતા છે.

ઉપરાંત સમય એટલો ખરાબ ચાલી રહ્યો છે, કે દરેકે દરેક પર એટલો ભરોસો પણ કરી શકાતો નથી ક્યારેક ક્યારેક હદથી વધારે વિશ્વાસ કર્યાનું પરિણામ પણ બહુ ખરાબ આવતું હોય છે, તો ક્યારેક નાની નાની વાતોમા અવિશ્વાસની ધરોહર પણ સંબંધ તૂટવા જવાબદાર બને છે. સબંધ ગમે તે હોય એટલે કે પતિ પત્નીનો, માતા પિતાનો સંતાન સાથેનો, કે સંતાનનો માતાપિતા સાથેનો, ભાઈ ભાઈનો, ભાઈ બહેનનો, કે અન્ય કોઈપણ સંબંધ લ્યો એમાં, સેવા ક્ષમા અને મૈત્રીનો ભાવ જો ઉત્કૃષ્ટ નહીં હોય તો, એ સંબંધ બહુ લાંબો નહીં ચાલે, અથવા ચાલે તો પણ પડ્યું પાનું નિભાવી લેવું એવી માનસિક્તા કે જે ભારતીય સમાજની ૫૦% ઉપરની સ્ત્રી કે પુરુષ કરે છે. જીવનના કેટલાય વર્ષો સુધી સંબંધ સિંચવા માટે સમર્પણ કર્યું હોવા છતાં ક્યારેક પરિણામ એટલું સારું ન પણ મળે! માનવીને દરેક પરિસ્થિતિમાં ટટ્ટાર રહેવા આંતર બાહ્ય બને સંતુલન જરૂરી છે ! જ્યારે બાહ્ય સંબંધો માંથી પોતાને ટકાવી રાખવા કે ટટ્ટાર રહેવા માટે કંઈ મળી શકે એમ નથી એમ લાગે, ત્યારે માનવીએ પોતાનાં આંતરગુણોને પોતાના મિત્ર બનાવીને જીવનને વિખરાઈ જતું બચાવી શકાય છે, અને એ વાત પૂજ્ય બાપુએ ઘણીવાર કથામાં વાત કરી છે.

તુલસીદાસજીએ દરેકે દરેક સોપાનમાં આંતરિક ગુણને મિત્ર બનાવીને જીવનને અડીખમ ઊભું કે ટટ્ટાર રાખવાની વાત કરી છે, તો આપણે પણ બદલાતાં સમયમાં કે જ્યારે બાહ્ય સંબંધોમાં એટલો સેવા ક્ષમા કે મૈત્રીનો ભાવ ન મળે, અને જીવન વિકટ લાગતું હોય કે પછી, આ સમયમાંથી કેમ ઉપર ઉઠવું એ સમજ બહાર હોય મુશ્કેલ લાગતું હોય, ક્યારેક અશક્ય લાગતું હોય, ત્યારે આપણાં આંતરિક ગુણને મિત્ર બનાવીને જીવનને ફરીથી નવી દિશા આપી શકાય છે. મિત્રતા માટે કોઈ ઉંમર નક્કી કરેલી નથી, દરેકે દરેક ઉંમરમાં મિત્રની જરૂરિયાત હોય જ છે, પણ બહાર જ્યારે મિત્રતાનો ભાવ મળે નહીં, કે પછી ચરિત્રની નિખાલસતા પર શંકા થાય! અને સમજ સહજ ન રહી શકે ત્યારે તુલસી એ કહ્યા મુજબ જીવનને સમેટીને ફરીથી નવી દિશામાં આગળ વધવું જોઈએ.

પ્રથમ સોપાન એટલે કે બાલકાંડમાં ધીરજ!, દ્વિતીય સોપાન અયોધ્યા કાંડમાં ધર્મ! તૃતીય સોપાન અરણ્યકાંડમાં વિવેક! ચોથુ સોપાન કિષ્કિંધા કાંડમાં સાહિત્ય, પાંચમું સોપાન સુંદરકાંડમાં સાહસ, છઠ્ઠુ સોપાન લંકા કાંડમાં સત્ય વ્રત અને સાતમું સોપાન ઉત્તર કાંડમાં ભરોસો! આમ આપણા આંતરિક ૭ ગુણોને જ તુલસીએ મિત્ર ગણાવી અસમય કે સખા એટલે કે કઠિનમા કઠિન સમયનો માર્ગ કાંપવા કહ્યું છે. ઉંમરની સહજતાને પણ એમાં લક્ષણ બનાવી શકાય છે. દરેકના જીવનમાં એવા કેટલાય ઘાટ આવ્યાં હશે, અને આવશે! કે જેમાં આપણને મિત્રની જરૂર પડે છે! તો કળિયુગને દૂર કરનાર રામકથા છે, તો તુલસીનો મર્મ સમજી આપણે સૌ આપણા જીવનને નવી દિશા તરફ દોરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના સાથે આજે હું મારા શબ્દોને અહીં જ વિરામ આપું છું, ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

### પખવાડીયામાં દાગીના બનાવીને આપી દેવાના હતાં, પણ ફોન બંધ કરી ભાગી નીકળ્યો

# કારીગરે કરી નાંખ્યું: વેપારીનું ત્રેવીસ લાખનું સોનુ લઇ 'છૂ'

## વિશ્વાસ કેળવી દાગીના બનાવવા માટે બંગાળીબાબુ સોનુ લઇ ગયા પછી ફ્રોડ આચર્યુ

રાજકોટ તા. ૧૮

જે તે શો રૂમ કે દૂકાનમાં નોકરી કરતાં અમુક કારીગરો, કર્મચારીઓ જ્યાં ખાતા હોય એ થાળીમાં જ થુંકીને ભાગી જવાની આદત ધરાવતાં હોય છે. અલગ અલગ શહેરો ગામોમાં આવી અનેક ઘટનાઓ બની ચુકી છે જેમાં કારીગર, કર્મચારી જ કળા કરી ગયા હોય છે. રાજકોટમાં તો અવાર-નવાર એવા બનાવો બને છે જેમાં સોની વેપારી પાસેથી દાગીના બનાવવા બંગાળી કારીગર સોનુ લઇ જઇ પછી ગાયબ થઇ જતો હોય છે. આવી જ એક ઘટના બની છે જેમાં એક સોની વેપારીનું ઓગણત્રીસ લાખનું સોનુ લઇ કારીગર છૂમંતર થઇ ગયો છે.

વિગતો પર નજર કરીએ તો આ વખતે રાજકોટના નહિ અમદાવાદના સોની વેપારી શિકાર બન્યા છે. માણેકચોકના સોનીએ બંગાળી કારીગરને સોનાના દાગીના બનાવવા માટે બે મહિના પહેલા સોનું આપ્યું હતું, કારીગરે પંદર દિવસમાં દાગીના બનાવી આપવાની વાત કરી હતી જો કે તે દાનત બગાડીને સોનીનું રૂા. ૨૯ લાખનું સોનું લઇને નાસી ગયો હતો. વેપારીએ ફોન કરતાં મોબાઇલ સ્વીચ ઓફ આવતો હતો દાણીલીમડા ઘરે તપાસ કરતાં ભાડાનું મકાન ખાલી કરીને નાસી ગયો હતો. આ બનાવ અંગે ખાડિયા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. કારીગર ૩૨૫.૭૦૦ ગ્રામ સોનું લઇને પંદર દિવસમાં દાગીના બનાવી આપવાની વાત કરીને સોનુ લઇને ગયો હતો. બાદમાં મોબાઇલ સ્વીચ ઓફ કરી ભાડાનું મકાન ખાલી કરી ભાગી ગયો હતો.

વધુ માહિતી અનુસાર વાસણામાં અને માણેકચોકમાં સોનાના દાગીના બનાવીને વેચાણ કરવાનો વ્યવસાય કરતા યુવકે ખાડિયા પોલીસ સ્ટેશનમાં મૂળ પશ્ચિમ બંગાળના વતની અને દાણીલીમડામાં ભાડાના મકાનમાં રહેતા તથા માણેકચોકમાં ભાડે દુકાન રાખીને દાગીના બનાવવાનો ધંધો કરતા બકીબૂલ્લા શેખ સામે ફરિયાદ નોંધાવી છે કે આરોપી ચાર વર્ષથી વેપારી પાસેથી સોનું લઇ જઇને દાગીના બનાવીના સમયસર આપી જતો હતો. બે મહિના પહેલા વેપારીએ આરોપીને રૂપિયા ઓગણત્રીસ લાખનું ૩૨૫.૭૦૦ ગ્રામ સોનું દાગીના બનાવવા માટે આપ્યું હતું.

વેપારી પાસેથી સોનુ મેળવીને આ બંગાળીબાબુએ પંદર દિવસમાં દાગીના બનાવી આપવાની વાત કરી હતી. પરંતુ સમયસર દાગીના બનાવીને આપ્યા ન હતા જેથી વેપારીએ ફોન ઉપર સંપર્ક કરતાં આરોપીનો મોબાઇલ સ્વીચ ઓફ આવતો હતો બીજીતરફ તપાસ કરતાં માણેકચોરકની દુકાન અને દાણીલીમડાનું મકાન ખાલી કરીને નાસી ગયો હતો. આ ઘટના અંગે ખાડિયા પોલીસે તેની સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.




**અન્ય એક કિસ્સામાં છ ભેજાબાજો બોગસ દસ્તાવેજના આધારે સાર્વજનીક પાંજરાપોળના ટ્રસ્ટી બની ગયા!**

બીજા એક ફ્રોડના બનાવમાં આખેઆખુ ટ્રસ્ટ અને મિલ્કત પચાવી પાડવા છ ભેજાબાજોએ કાવત્રુ ઘડ્યું હતું. બોગસ દસ્તાવેજો ઉભા કરી આ ગઠીયાઓ સાર્વજનીક પાંજરાપોળના ટ્રસ્ટી બની ગયા હતાં! વડોદરા જિલ્લાના ડભોઇ સાર્વજનિક પાંજરાપોળ ટ્રસ્ટ અને તેની મિલકતો હડપ કરવા માટે બોગસ દસ્તાવેજો તૈયાર કરી ટ્રસ્ટીઓ બની જનાર છ ભેજાબાજો સામે ડભોઇ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઇ છે. પોલીસે તમામની અટકાયત કરી કાર્યવાહી હાથ ધરી છે. વિગતો અનુસાર ડભોઈ જૈનવગા પંડ્યા શેરીમાં રહેતા મેહુલકુમાર હસમુખલાલ શાહ વેપાર કરે છે અને ડભોઇ સાર્વજનિક પાંજરાપોળના ટ્રસ્ટી તરીકે કામ કરે છે. તેમણે ડભોઇ પોલીસ મથકમાં જૈન વગામાં પંડ્યા શેરીમાં રહેતા રાકેશ નવીનચંદ્ર જૈન, જૈન વગામાં શામળાજીની શેરીમાં રહેતા દુષ્યંતકુમાર જયંતીલાલ શાહ, જૈન વગામાં ઉપાશ્રયની લાઇનમાં રહેતા જિનેશકુમાર નરેન્દ્ર શાહ, જૈન ભગત ચંદ્ર પ્રભુની શેરીમાં રહેતા શૈલેષકુમાર જીવણલાલ શાહ, જૈન વગામાં જડિયાના ખાંચામાં રહેતા દિશાંક પંકજકુમાર શાહ અને તેમના પાડોશી નરેશચંદ્ર એન. શાહ મળી છ વ્યક્તિઓ સામે વિશ્વાસઘાત -છેતરપિંડીની ફરિયાદ નોંધાવતા પોલીસે તમામની અટકાયત કરી કાર્યવાહી હાથ ધરી છે.

વધુ વિગતો મુજબ ટ્રસ્ટી મેહુલકુમાર શાહે ફરિયાદમાં આક્ષેપ કર્યો છે કે, તમામ છ વ્યક્તિઓએ ભેગા મળીને ટ્રસ્ટમાં ઠગાઈ કરી હતી. જેમાં રાકેશ જૈને પોતાના ઘરનું લાઇટબિલ રજૂ કરી પાનકાર્ડમાં નામ તથા સરનામા સુધારો કરાવી ડભોઇ સાર્વજનિક પાંજરાપોળમાં પોતાના ઘરના સરનામાવાળું લેટરપેડ બનાવ્યું હતું અને પોતે ટ્રસ્ટી હોવાનો કન્સર્ન લેટર તૈયાર કર્યો હતો. તેના આધારે સહીઓ કરી ટ્રસ્ટના બેંકના ખાતામાં આવેલા ખાતાઓ ભારત સરકારના દર્પણ પોર્ટલ પર ઓફિસ બેરરની વિગતમાં રાકેશ નવીનચંદ્ર જૈન તથા દુષ્યંતકુમાર જયંતીલાલ શાહને પ્રમુખ તરીકે, જીનેશકુમાર નરેન્દ્ર શાહને સેક્રેટરી, શૈલેષકુમાર જીવણલાલ શાહને ટ્રેઝરર, દિશાંક પંકજકુમાર શાહને મેમ્બર અને નરેન્દ્ર એન શાહને ટ્રસ્ટી તરીકે બતાવ્યા છે.

તેમજ સાથે રાજેશ જૈનનું ઇમેલ આઈડી અને મોબાઈલ નંબર ઓનલાઇન કરાવ્યો હતો અને લેટરપેડ બનાવી તેના પર ટ્રસ્ટી તરીકે સહી કરી સરકારી કચેરીઓમાં રજૂ કર્યું હતું અને ટ્રસ્ટ સાથે વિશ્વાસઘાત કર્યો હતો. તેની જાણ ટ્રસ્ટી તરીકે મેહુલભાઈને થતા મામલો ડભોઈ પોલીસમાં પહોંચ્યો હતો.

# રાજ્યના ૨૨૭ તાલુકામાં કુલ વરસાદ ૧૦ ટકાને પાર

### બોટાદના બરવાળામાં સૌથી વધુ ૭.૫ ઇંચ વરસાદ વરસ્યો



રાજકોટ, તા. ૧૮

નૈઋત્ય ચોમાસાના આગમન સાથે જ રાજ્યમાં ૩૩ જિલ્લાના ૨૨૭ તાલુકાઓમાં હળવાથી ભારે વરસાદની શરૂઆત થઈ છે. સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર-ગાંધીનગરના અહેવાલ મુજબ છેલ્લાં ૨૪ કલાક દરમિયાન રાજ્યના બોટાદ જિલ્લાના બરવાળા તાલુકામાં સૌથી વધુ ૭.૫ ઇંચ જેટલો વરસાદ વરસ્યો છે. જ્યારે, સુરેન્દ્રનગર જિલ્લાના સાયલામાં ૬ ઇંચ કરતાં વધુ વરસાદ નોંધાયો છે.

અન્ય તાલુકાઓની વાત કરીએ તો, છેલ્લા ૨૪ કલાકમાં બોટાદ તાલુકામાં, સુરેન્દ્રનગરના મુળી અને જામનગરના જોડિયા તાલુકામાં ૫ ઇંચ કરતા વધુ વરસાદ નોંધાયો છે. સુરેન્દ્રનગરના થાનગઢ તેમજ ભાવનગરના ઉમરાળા અને વલ્લભીપુર તાલુકામાં પણ ૪ ઇંચ કરતાં વધુ વરસાદ વરસ્યો છે. આ ઉપરાંત સુરેન્દ્રનગરના ચુડા, બોટાદના રાણપુર, કચ્છના ગાંધીધામ, બનાસકાંઠાના દિયોદર, અમદાવાદના ધંધુકા, આણંદના બોરસદ અને કચ્છના અંજાર તાલુકામાં ૩ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. તદુપરાંત રાજ્યના ૧૭ તાલુકામાં બે ઇંચથી વધુ, ૪૩ તાલુકામાં એક ઈંચથી વધુ જ્યારે, ૧૫૨ તાલુકામાં એક ઇંચ કરતા ઓછો વરસાદ નોંધાયો છે. તા. ૧૮ જૂન, ૨૦૨૫ના રોજ સવારે ૬.૦૦ કલાક સુધીમાં રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૧૦.૪૬ ટકા જેટલો નોંધાયો છે. જેમાં સૌરાષ્ટ્રમાં સૌથી વધુ ૧૯.૧૮ ટકા, કચ્છ વિસ્તારમાં ૧૭.૫૫ ટકા, પૂર્વ મધ્ય ગુજરાતમાં ૯.૭૬ ટકા, ઉત્તર ગુજરાતમાં ૫.૭૫ ટકા અને દક્ષિણ ગુજરાતમાં ૫.૪૫ ટકા સરેરાશ વરસાદ વરસ્યો છે.

### ૪૪૧ લાભાર્થીઓને રૂ. ૪૫.૬૮ લાખના ૨૭૪૪ સાધનો અપાશે

# પડધરીમાં સાધન સહાય કેમ્પનો ૧૦૬૬ વૃદ્ધ નાગરિકોએ લીધો લાભ

રાજકોટ, તા. ૧૮

રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના ૬૦ વર્ષથી વધુ વયના સિનિયર સીટીઝનો માટે જિલ્લા કલેકટરના માર્ગદર્શન હેઠળ ભારત સરકારની 'રાષ્ટ્રીય વયોશ્રી યોજના' અંતર્ગત કવિશ્રી દાદ સરકારી વિનયન અને વાણીજય કોલેજ ખાતે એસેસમેન્ટ કેમ્પ યોજાયો હતો. આ કેમ્પ એલીમ્કોના સહયોગથી વડીલોને વોકીંગ સ્ટીક, કાંખઘોડી, ટ્રાઈપોડ, વોકર, હિયરીંગ એઈડ મશીન, ફોલ્ડીંગ વ્હીલ ચેર, આર્ટીફિશીયલ દાંત (ચોખઠા), સ્પાઈનલ સપોર્ટ, રોલેટર જેવા સાધનો વિનામૂલ્યે આપવાના હેતુસર યોજાયો હતો.

આ કેમ્પમાં સાંજના ૦૫ કલાક સુધીમાં કુલ ૧૦૬૬ લાભાર્થીઓએ વિવિધ સેવાઓનો લાભ લીધો હતો. અલીમ્કો દ્વારા સાધન સહાય માટે એસેસમેન્ટ કરીને ૪૪૧ લાભાર્થીઓની પસંદગી કરાઈ હતી, જેઓને કુલ રૂ. ૪૫,૬૮,૦૬૭ના કુલ ૨૭૪૪ સાધનો અપાશે. ઉપરાંત, તાલુકા પંચાયત દ્વારા કુલ ૮૦ જેટલા આવકના દાખલા અપાયા હતાં. એસ.ટી. વિભાગ દ્વારા સીનીયર સીટીઝન સંબંધિત યોજનાઓ વિશે ૧૨ લાભાર્થીઓને સમજ અપાઈ હતી. આરોગ્ય વિભાગ દ્વારા ૧૫૩ લાભાર્થીઓના બ્લડપ્રેશર-ડાયાબીટીસ ટેસ્ટ કરાયા હતાં. ૪૨ વરિષ્ઠ નાગરિકોના રાશન કાર્ડની કામગીરી કરાઈ હતી. ૨૨૫ લોકોને ક્ષય, મેલેરીયા જેવા રોગની જાણકારી આપતી પત્રિકાઓ અપાઈ હતી. ૧૨ લોકોને પી.એમ.જે.એ.વાય કાર્ડ અપાયા હતાં. સહાય શાખા દ્વારા નિરાધાર વૃદ્ધ સહાય યોજનાના કુલ ૨૮ ફોર્મ સ્થળ પર ભરાયા હતાં. એસ.બી.આઈ.ના કર્મચારીઓ દ્વારા વિવિધ યોજનાઓ અંગે ૫૫ લાભાર્થીઓને અવગત કરાયા હતાં. તેમજ ૧૮ વડીલોના આધાર કાર્ડની કામગીરી કરાઈ હતી.

આ કેમ્પને સફળ બનાવવા માટે કુલ ૦૫ તબીબ તથા અંદાજિત ૬૫ જેટલા કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી. આ તકે મામલતદાર કે.જી. સખીયા, પડધરીની આગેવાનીમાં રેવન્યુ શાખા, આરોગ્ય શાખા, સામૂહિક આરોગ્ય કેન્દ્ર, તાલુકા પંચાયત, લીડ બેંક મેનેજર, એસ.બી.આઈ. શાખા, બેંક ઓફ ઈન્ડીયા, ડેપો મેનેજર, જી.એસ.આર.ટી.સી.ના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# મિશન પોષણ RMC અંતર્ગત વર્કશોપ

રાજકોટ, તા. ૧૮

રાજકોટ ખાતે સરકારના પોષણ સંગમ કાર્યક્રમ અંતર્ગત મિશન પોષણ RMC વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમ અંતર્ગત આંગણવાડી વર્કરો, સુપરવાઇઝરઓ, સીડીપીઓઓ, ફિમેલ હેલ્થ વર્કરઓ, મેડિકલ ઓફિસરો, RBSK મેડિકલ ઓફિસરઓ અને તેમની ટીમને રાજકોટ મહાનગરપાલિકાની કુલ-૩૬૪ આંગણવાડી કેન્દ્રના કુપોષિત બાળકોને સુપોષિત કરવા માટે રૂબરૂ વિઝિટ કરી કાઉન્સેલિંગ દ્વારા સુપોષિત કરવા અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવેલ.

નાયબ આરોગ્ય અધિકારી ધવલ પાડલીયા તથા નાયબ નિયામક પૂર્વીબેન પંચાલ, આઈ.સી.ડી.એસ વિભાગના બાળ વિકાસ અધિકારીઓ, મુખ્ય સેવિકાઓ અને તેમને ટીમ તેમજ આરોગ્ય વિભાગના મેડિકલ ઓફિસરઓ, અગખઓ, ફિમેલ હેલ્થ વર્કરઓ અને આંગણવાડી કાર્યકર બહેનોએ હાજર રહીને આ કાર્યક્રમને સફળ બનાવેલ. મિશન પોષણRMC વર્કશોપના અંતે કુપોષિત બાળકોને સુપોષિત બનાવવા માટે આઈ.સી. ડી. એસ તેમજ આરોગ્ય શાખાના અધિકારીઓ અને કર્મચારીઓએ સાથે મળીને પ્રતિજ્ઞા લઈને કુપોષિત બાળકોને સુપોષિત બનાવવાનો સંકલ્પ કરેલ છે.



### ડુપ્લીકેટ ડીવાયએસીપી ઝડપાયાની તપાસ હજુ ચાલી રહી છે ત્યાં હવે આ ઘટના ઘટી

# નકલી પોલીસ બની આંગડીયા કર્મચારીને લાફા મારી લૂંટ

### તારા થેલામાં ગાંજો છે કહી ચેકીંગના બહાને આંતરી કાવતરાને અંજામ આપ્યો: ચાર લૂંટારા લાખોના રોકડ-દાગીનાની બેગ લૂંટી કારમાં ભાગી ગયા

રાજકોટ, તા. ૧૮

નકલી અધિકારીઓ બનીને રોફ જમાવી ગામ પાસેથી તોડ કરવાના કિસ્સા અવાર-નવાર સામે આવે છે. નકલી ડીવાયએસપીએ લાખોના તોડ કર્યાનો અને અસલી પોલીસે તેને દબોચીને હવા કાઢી નાખ્યાનો કિસ્સો હજુ તાજો જ છે ત્યાં હવે નકલી પોલીસ બની લૂટારા આંગડીયા કર્મચારીને આંતરી તારી બેગમાં ગાંજો છે, ચેક કરવું પડશે કહી તેને લાફા મારી તેની પાસેથી સાડા સોળ લાખના હીરા-ચાંદી-સોનાના દાગીના સાથેની બેગ લૂંટી ભાગી જતાં ચકચાર મચી ગઇ છે. આ મામલે પોલીસે તપાસ શરૂ કરી છે.

વિગતો પર નજર કરીએ તો પોલીસના નામે લોકોને ડરાવી ધમકાવી તોડ કરવાના બ્લેકમેઇલીંગ કરવાના અને નાણા પડાવવાના કિસ્સા અનેક વખત બની ચુક્યા છે. આ વખતે નકલી પોલીસ બની લૂંટ ચલાવાઇ છે. ઘટના અમદાવાદની છે. અમદાવાદની આંગડીયા પેઢીનો કર્મચારી સુરત ખાતે સોના, ચાંદી રાત્રે તથા હીરાના પાર્સલની ડીલીવરી કરવા માટે આવ્યો હતો. કર્મચારી સાડા ચાર વાગ્યે વરાછા મળસ્કે વૈશાલી ત્રણ રસ્તા પાસે ટ્રાવેલ્સની બસમાંથી નીચે ઉતર્યો હતો. તે વખતે તેનો ડુપ્લીકેટ પોલીસ સાથે ભેટો થયો હતો. ફોરવ્હીલ કારમાં આવેલા ચાર અજાણ્યાઓએ આંગડીયા પેઢીના કર્મચારીને તારી બેગમાં ગાંજા છે કહી ગાડીમાં બેસાડી દઈ લાફા માર્યા બાદ રૂપિયા ૧૬.૫૫ લાખના મત્તાના પાર્સલની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા.

આ ઘટના બારામાં પોલીસ સુત્રોએ વધુ વિગતો આપતાં જણાવ્યું હતું કે અમરેલી, લાઠી ગામ ખાતે સિવિલ હોસ્પિટલની સામે બગીચા પ્લોટ ખાતે રહેતા ત્રેપન વર્ષના રાજેશસિંહ ગલાબજી રાજપુત આંગડીયા પેઢીના વ્યવસાય સાથે સંકળાયેલા છે. વહેલી સવારે તેમનો કર્મચારી નીકુલસિંહ રાજપૂત અમદાવાદ ખાતેથી ખાનગી ટ્રાવેલ્સ બસમાં હીરા તેમજ સોના ચાંદીના પાર્સલ ભરેલો થેલો લઈને સુરત આવ્યો હતો. નીકુલસિંહ મળસ્કે સાડા ચાર વાગ્યે વરાછા વૈશાલી ત્રણ રસ્તા પાસે બસમાંથી ઉતરીને ડ્રાઈવરની રાહ જોતો હતો.

આ દરમિયાન એક ફોરવ્હીલ કારમાં આવેલા ચાર અજાણ્યાઓ તેમની પાસે આવ્યા હતા અને પોતાની ઓળખ પોલીસ તરીકે આપી તારી બેગમાં ગાંજા છે તેમ કહી ફોર વ્હીલ ગાડીમાં બેસાડી દીધો હતો. ચાલુ ગાડીમાં લાફાઓ મારી તેની પાસેથી મોબાઈલ ફોન અને રૂપિયા ૧૬.૫૫ લાખના હિરા તેમજ સોના ચાંદીના પાર્સલની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે નિકુલસિંહ રાજપુતે તેના શેઠ રાજેશસિંહ રાજપૂતને જાણ કરતા તેઓએ ગતરોજ ફરિયાદ નોંધાવતા વરાછા પોલીસે તેમની ફરિયાદને આધારે ગુનો દાખલ કરી ફોરવ્હીલ કારના નંબરના આધારે લૂંટારૂઓને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.



**રૂપિયાની જરૂર હતી એટલે પુર્વ કારીગરે કારખાનામાંથી ચોર્યા ચોવીસ લાખના હીરા: સીસીટીવીને આધારે ઝડપાઇ ગયો**

અન્ય એક બનાવમાં કતારગામ જેરામ મોરારની વાડીમાં ક્રિષ્ણા બિલ્ડિંગમાં એસ.પી. ડાયમંડના કારખાનામાંથી જુના કારીગરે તેના બે સાગરિતો સાથે મળી ૨૩.૪૫ લાખના હીરાની ચોરી કરી છે. આ ચોરીમાં કતારગામ પોલીસે પૂર્વ કારીગર અને તેના બે મિત્રોને બનાસકાંઠાથી પકડી લાવી છે સાથે ચોરીનો મુદામાલ પણ કબજે કરવાની તજવીજ શરૂ કરી છે. અડાજણ ગુજરાત ગેસ સર્કલ પાસે સેન્ટ પાર્કમાં રહેતા પરેશભાઈ ચીનુભાઈ ઝવેરી કતારગામમાં હીરાનું કારખાનાનું ચલાવે છે. પંદરમીએ રજા હોવાથી તેઓ કારખાનાનું બંધ કરી ઘરે ચાલી આવ્યા હતા. બીજા દિવસે સવારે મહિલા સફાઇ માટે કારખાને ગઈ ત્યારે ઓફિસ ખુલ્લી હતી. આથી તેઓએ માલિકને ચોરી અંગે જાણ કરી હતી.

ત્યારબાદ ઓફિસમાં લાગેલા સીસીટીવી કેમેરાની તપાસ કરી હતી. જેમાં ચોરો કારખાનામાં સોળમી તારીખે બે થી અઢી વાગ્યાના અરસામાં પાકિંગમાંથી પ્રવેશ કરી ઓફિસના દરવાજાનું લોક નકલી ચાવીથી કે પછી અન્ય કોઈ રીતે ખોલી ઓફિસમાં ટેબલના ડ્રોઅરના લોક ખોલી તેમાંથી રફ હીરા અલગ અલગ કેરેટોના મળી ૨૩.૪૫ લાખના ચોરી કરી હતી. ચોરીમાં કતારગામ પોલીસે કારખાનામાં અગાઉ કામ કરતા જીતુ ચૌધરી અને તેના મિત્ર મેહુલ ચૌધરી તેમજ યોગેશ ચૌધરીને બનાસકાંઠા ખાતેથી દબોચી લીધા છે. પોલીસે ચોરીનો મુદામાલ કબજે કર્યો છે. ત્રણેય બનાસકાંઠામાં રોયગામે રહે છે. હીરાના કારખાનામાં અગાઉ કર્મચારી જીતુ ચૌધરી કામ કરતો હતો તે વખતે કારખાનાની ચાવી તેની પાસે રહેતી હતી. બાર દિવસ પહેલા શેઠે જીતુને અન્ય એક મિત્રના હીરાના કારખાનામાં નોકરી લગાવ્યો હતો. બીજી તરફ જીતુને રૂપિયાની જરૂરીયાત હતી. આથી તેણે અગાઉ જે કારખાનામાં કામ કરતો હતો ત્યાં ચોરીનો પ્લાન બનાવ્યો હતો. ચોરી કરવા માટે મિત્ર યોગેશ ચૌધરીએ કારખાનાની ડુપ્લીકેટ ચાવી બનાવી હોવાનું કબુલ્યું હતું.

### પાંચ અલગ અલગ ઘટનાઓમાં પરિવારોએ ગુમાવી દીધા સ્વજનોનેઃ શોકની કાલીમા

# નવ અને છ વર્ષની બે માસુમ બાળાને રોગચાળો ભરખી ગયો

## સાગરનગરની નવ વર્ષની દિકરીને કમળો થયો હતો, વિરડાવાજડીની છ વર્ષની બાળાને ઝાડા થયા બાદ જીવ ગયો એકતાલીસ વર્ષના યુવાનનો દિલની દગાખોરી ભોગ લઇ ગઇઃ વીસ-વીસ વર્ષના બે યુવાનના બેભાન હાલતમાં થયા મૃત્યુ

રાજકોટ તા.૧૮

અલગ અલગ ઘટનાઓમાં વધુ પાંચ પરિવારોએ સ્વજનો ગુમાવી દીધા છે. હાલ વરસાદના માહોલ વચ્ચે રોગચાળાએ પણ દેખા દીધી છે. રોગચાળો બે પરિવારની લાડકવાયી દિકરીઓના જીવ લઇ ગયો છે. બે અલગ અલગ બનાવમાં બે બાળકીના મૃત્યુ થયા છે. જેમાં નવ વર્ષની બાળાનું કમળાની બિમારીથી અને છ વર્ષની બાળાનું ઝાડા થઇ જવાને કારણે જીવન ખતમ થઇ ગયું છે. ત્રીજી ઘટનામાં એક યુવાનને દિલ દગો દઇ જતાં તેની જિંદગીની સફરનો અકાળે અંત આવી ગયો છે તો બે વીસ વીસ વર્ષના યુવાનના બેભાન હાલતમાં મૃત્યુ થયા છે.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો રાજકોટના જુના માર્કેટીંગ યાર્ડ પાસે સાગરનગરમાં રહેતાં પરિવારની નવ વર્ષની દિકરીનું કમળો થયા બાદ મોત નિપજ્યું છે. સાગરનગર-૯માં રહેતાં રામાભાઇ ભાંગરાની દિકરી વિજ્યા કે જે નવ વર્ષની હતી તેણીને કમળો થઇ ગયો હોઇ અમદાવાદ સારવાર કરાવાઇ હતી. બાદમાં નાના મવા રોડ પરની ચિલ્ડ્રન હોસ્પિટલમાં દાખલ કરાઇ હતી. પરંતુ સારવાર દરમિયાન દમ તોડી દેતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. વિજ્યા ત્રણ બહેન અને એક ભાઇમાં વચેટ હતી અને ધોરણ-૫માં અભ્યાસ કરતી હતી. તેને કમળો થયા બાદ લીવર અને મગજ પર અસર થઇ ગઇ હતી. તેણીના પિતા જેસીબીનો વ્યવસાય ધરાવે છે. હોસ્પિટલ મારફત જાણ થતાં આજીડેમ પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. લાડકવાયીના મોતથી પરિવારમાં ગમગીની છવાઇ ગઇ હતી.

જ્યારે અન્ય એક આવી ઘટનામાં કાલાવડ રોડ પર વિરડા વાજડીમાં રહેતાં મુળ દાહોદના અમિતભાઇ બામણીયાની દિકરી ધ્રુવી કે જે છ વર્ષની હતી તેણીને પરમ દિવસે ઝાડા થઇ જતાં તબિયત બગડતાં મેટોડા ખાનગી હોસ્પિટલમાં સારવાર કરાવાઇ હતી. ડોક્ટરે દવા આપી સારુ



ન થાય તો રિપોર્ટ કરવાની સલાહ આપી હતી. પરંતુ બીજા દિવસે એટલે કે ગઇકાલે ધ્રુવીની તબિયત વધુ બગડતાં અને બેભાન થઇ જતાં રાજકોટ ઝનાના હોસ્પિટલના બાળકોના વિભાગમાં દાખલ કરવામાં આવી હતી. અહિ તેણીનું સારવાર દરમિયાન મોત થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. હોસ્પિટલ દ્વારા એ-ડિવીઝન પોલીસને અને ત્યાંથી યુનિવર્સિટી પોલીસને જાણ કરવામાં આવતાં એએસઆઇએ જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. ધ્રુવી ત્રણ બહેન અને એક ભાઇમાં બીજા નંબરે હતી. તેના પિતા સીએનસી કંપનીમાં નોકરી કરે છે. લાડકી દિકરીઓને રોગચાળો ભરખી જતાં આ બંને પરિવારના સદસ્યો શોકમાં ગરકાવ થઇ ગયા હતાં.

અપમૃત્યુની ત્રીજી ઘટના જોઇએ તો દિલની દગાખોરી વધુ એક યુવાન માટે જીવલેણ નિવડી છે. ચોટીલાના ચિરોડા ગામે રહેતાં એકતાલીસ વષૃના લવજીભાઇ અણદાભાઇ સોરાણી વહેલી સવારે એકાએક બેભાન થઇ ઢળી પડતાં સુરેન્દ્રનગર સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દીધો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે સ્થાનિક પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર લવજીભાઇ ચાર ભાઇ અને ત્રણ બહેનમાં છઠ્ઠા હતાં અને ખેત મજુરી કરી ગુજરાન ચલાવતાં હતાં. સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. હાર્ટએટેક આવી ગયાનું સગાએ કહ્યું હતું.

જ્યારે ચોથી અને પાંચમી ઘટનામાં વીસ વીસ વર્ષના બે યુવાનના જીવ ગયા હતાં. જેમાં રાજકોટના કોઠારીયા રોડ પર ગ્રીન પાર્કમાં રહેતો પ્રતિક રાજેશભાઇ પરમાર નામનો વીસ વર્ષનો યુવાન ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ સારવાર દરમિયાન મૃત્યુ થતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ, મહેશભાઇ, શક્તિસિંહ, ધર્મેન્દ્રભાઇ, પ્રશાંતભાઇએ જાણ કરતાં ભક્તિનગર પોલીસ મથકના પ્રશાંતસિંહે જરૂરી કાર્યવાહી કરી હતી. બંને કિડની ફેઇલ થઇ ગઇ હોવાનું પોસ્ટમોર્ટમમાં ખુલ્યું હતું. યુવાન દિકરાના મૃત્યુથી સ્વજનો શોકમાં ડુબી ગયા હતાં.

જ્યારે સુરેન્દ્રનગરમાં દેસળ ભગતની વાવ પાસે એંસી ફુટ રોડ પર રહેતો વીસ વર્ષનો વિકાસ શિવસિંગ કુશવાહા ઘરે બેભાન થઇ જતાં સારવાર માટે સુરેન્દ્રનગર અને ત્યાંથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ દમ તોડી દેતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. વિકાસ ત્રણ ભાઇ અને ત્રણ બહેનમાં વચેટ હતો અને પાણીપુરી વેંચી ગુજરાન ચલાવતો હતો. ટીબીની અસર હોવાનું સગાએ કહ્યું હતું. આમ પાંચ અલગ અલગ ઘટનાઓમાં પરિવારોએ પોતાના સ્વજનો ગુમાવી દીધા હતાં.

# પહેલી જ વખત દારૂ ઢીંચ્યો પછી મગજ ભમતાં ગળાફાંસો ખાધો!

### યુવાન ઝાડમાં લટકી ગયોઃ પત્નિ જોઇ જતાં જીવ બચી ગયો

રાજકોટ તા.૧૮

દારૂડીયો દારૂ નથી પીતો, દારૂ જ દારૂડીયાને પી જાય છે આ વાતને યથાર્થ ઠેરવતી ઘટનાઓ અવાર-નવાર બને છે. દરમિયાન એક યુવાને પહેલી જ વખત દારૂ ઢીંચ્યા બાદ તે ભાન ભુલી જતાં ઘરે પહોંચી ઝાડમાં ચુંદડી બાંધી ગળાફાંસો ખાઇ લીધો હતો. સદ્દનસિબે આ વખતે જ તેની પત્નિ તેને જોઇ જતાં બૂમાબૂમ કરી બીજા સ્વજનોને ભેગા કરી તેનો જીવ બચાવી લીધો હતો. જો કે તેને સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હતો.

ઘટના જોઇએ તો આ બનાવ જસદણમાં બન્યો છે. અહિ લાલભાઇની વાડીમાં રહી મજૂરી કરતો ત્રીસ વર્ષનો રમેશ કેન્દુભાઇ



દેવકા નામનો યુવાન બહારથી ઘરે આવ્યા બાદ ઘર પાસે ઝાડમાં ચુંદડી બાંધી ગળાફાંસો ખાઇ લીધો હતો. બરાબર આ વખતે જ તેની પત્નિ રેખા બહાર આવતાં તે જોઇ જતાં દેકારો મચાવતાં લોકો ભેગા થઇ ગયા હતાં અને રમેશને બચાવી લીધો હતો. જસદણ હોસ્પિટલમાં સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવતાં હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, મહેશભાઇ જોગડા, ધર્મેન્દ્રભાઇ, શક્તિસિંહ, પ્રશાંતભાઇએ જસદણ પોલીસને જાણ કરી હતી. વધુ માહિતી અનુસાર આપઘાતનો પ્રયાસ કરનાર રમેશ મુળ મધ્ય પ્રદેશનો વતની છે. તેને સંતાનમાં બે પુત્રી અને બે પુત્ર છે. પોતે બે બહેનનો એક જ ભાઇ છે. તેણે રટણ કર્યુ હતું કે જિંદગીમાં પહેલી જ વખત દારૂ પી લીધો હતો. એ પછી ભાન ભુલી જતાં ગળાફાંસો ખાધો હતો! ખરેખર શું બન્યું તેની તપાસ જસદણ પોલીસ કરે છે.

### અલગ અલગ દરોડામાં પોલીસે શબ્બીર જારિયા અને સાજીદ કચ્છીને પકડી પાડ્યાઃ મુદ્દામાલ કબ્જે ઉપલા બૂકી તરફ તપાસ હાથ ધરી

# આંકડા લખતાં બુકીઓ પર તવાઈ

રાજકોટ તા.૧૮

કહેવાય છે કે જુગારની લતમાં સૌથી ખરાબ આંકડાનો જુગાર છે.જે ધીમા ઝેરની જેમ માણસને ખાય જાય છે. આવા ધંધાઓ બંધ કરવા ઉચ્ચ અધિકારીઓએ સૂચના આપ્યા બાદ શહેરમાં પોલીસ આવા તત્વોને શોધી કાઢવાં સતત પ્રયત્નશીલ હોવાનું જાણવા મળ્યું છે. શહેરમાં પોલીસે બે દરોડામાં આંકડા લખતાં શબ્બીર જારીયા અને સાજીદ કચ્છીને કુલ ૮૮૦૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડ્યા હતા.

વધુ વિગતો મુજબ પ્રનગર પોલીસ સ્ટાફ પેટ્રોલીંગમાં હતો એ દરમિયાન બાતમી મળી હતી કે દરમ્યાન ફરતા ફરતા લાલબહાદુર શાસ્ત્રી ટાઉનશીપ પાસે જાહેર રોડ પર રેલનગર ખાતે આવતા અમોને ખાનગી બાતમીદાર રાહે બાતમી હકિકત મળેલ કે લાલબહાદુર શાસ્ત્રી ટાઉનશીપ પાસે જાહેર રોડ પર રેલનગર ખાતે એક ઈસમ સફેદ કલરનુ શર્ટ તથા વાદળી કલરનુ પેન્ટ પહેરી ને ઉભો હોય ખીસ્સામાં વરલી મટકાના આંક ફરકના પૈસા તથા વરલી મટ્કા ના આકડા



લખેલી ચિઠ્ઠી હોય જેથી બાતમી મળતા જ પોલીસે જગ્યાએ જઈને બાતમી વાળા ઈસમની શંકાને આધારે તપાસ કરતા તેના ખીસ્સામાંથી વરલી મટ્કાના આકડા લખેલી ચીઠુઠી અને રોકડા રૂપિયા ૧૦૫૦ મળી આવેલ હતા જેના વિશે પૂછતાં આરોપી એ રોકડ વરલી મટકાના વેપારની હોવાનું જણાવતા પોલીસે ચોપ્પન વર્ષીય આરોપી શબ્બીર સતારભાઈ જારીયાને કુલ ૧૦૫૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડ્યો હતો અને આગળ વધુ તપાસ હાથ ધરી હતી.

જ્યારે બીજા બનાવમાં ગાંધીગ્રામ પોલીસ પેટ્રોલીંગમાં હતી એ દરમિયાન પોલીસ સ્ટાફને બાતમી મળી હતી કે સાજીદ કચ્છી નામનો માણસ રૈયા રોડ સુભાષનગર શેરી નં.૬ એસ.કે.પેલેસ એપાર્ટમેન્ટ ચોથા માળે આવેલ ફલેટ નં.૪૦૨ માં પોતાના મોબાઇલ ફોનમાં વર્લી ફીચરના આંકડા લખી રૂપીયાની હારજીત કરી જુગાર રમી/રમાડે છે. પોલીસ ચોકકસ હકીકત મળતા તાત્કાલિક હકીકત વાળી જગ્યા એ જઈને રેડ કરતાં આરોપી સેટી ઉપર બેસીને આંકડા લખતો હોય જેથી અડતાલીસ વર્ષીય સાજીદશાહબુદીનભાઈ કચ્છીને ઉઠાવી લીધો હતો અને પાસે પડેલો ફોન ચેક કરતા મોબાઇલ ફોનમાં વોટસએપ એપ્લીકેશનમાં મો.નં.૯૯૧૩૦૨૬૪૮૬ ની ચેટમાં મીલન ઓપન, મીલન બંધ, રતન ઓપન, રતન બંધ, ટાઈમ ઓપન, ટાઈમ બંધ તથા સાંકેતીક ભાષામાં આંકડાઓ લખેલ હોય જે આંકડાઓ વરલી ફીચરના આંકડાઓ હોવાની કબૂલાત આપી હતી.અને અંગ જડતી કરતા આરોપી પાસેથી વરલી મટકાના વેપારના ૭૫૦ રૂપિયા મળી આવ્યા હતાં. પોલીસે કુલ ૭૭૫૦ નો મુદ્દામાલ કબ્જે કરી આરોપી કોની પાસે કપાત કરતો અને અન્ય કોની સંડોવણી છે તેવી દિશામાં તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે.

શહેરમાં આંકડાનો વેપાર ખૂબ ફૂલો ફળ્યો હોય અને મોટી સંખ્યા લોકો આંકડા રમવાની ટેવ વાળા હોય ત્યારે બે દરોડામાં નાની માછલી પકડાય હોય અને મોટા માથાઓ બેફામ વેપાર કરતા હોવાનું ચર્ચાએ લોકમુખે જોર પકડ્યું છે.

### રૈયાધારના શખ્સને અમદાવાદ જેલમાં મોકલી દેવાયોઃ યુનિવર્સિટી પોલીસની ટીમે વોરન્ટની બજવણી કરી

# મારામારી સહિતના ગુના આચરાનારો ‘હાંડો’ પાસામાં

રાજકોટ તા. ૧૮

ગુનાખોરીમાં છાપેલા કાટલાની છાપ ધરાવતાં શખ્સોને પોલીસ કમિશનર પાસા તળે જેલમાં ધકેલી દેતાં હોય છે. આ ઝુંબેશ અંતર્ગત રૈયાધારના એક શખ્સને પાસા હેઠળ જેલમાં મોકલી દેવાયો છે. હત્યાની કોશિષના બે સહિત મારામારીના ચાર ગુનાઓમાં સામેલ આ શખ્સને અમદાવાદ જેલહવાલે કરાયો છે.

વિગતો જોઇએ તો રૈયાધાર મફતીયાપરામાં દશામાના મંદિર પાસે રહેતાં ભવદીપ ઉર્ફ યશ



ઉર્ફ હાંડો પરેશભાઇ ડાભી સામે પાસા હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે. આ શખ્સને પાસામાં ધકેલવાની દરખાસ્ત જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી જગદીશ બાંગરવા અને એસીપી રાધીકા ભારાઇના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવતાં પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ તેને મંજુર કરી હતી. ભવદીપ ઉર્ફ યશ ઉર્ફ હાંડો ગાંધીગ્રામ અને યુનિવર્સિટી પોલીસમાં હત્યાની કોશિષના બે ગુના તથા મારામારીના અન્ય બે ગુનાઓમાં સંડોવાયેલો હતો. યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના પીઆઇ એચ. એન. પટેલ, પીએસઆઇ વી. જી. ડોડીયા, એએસઆઇ જગમાલભાઇ ખટાણા, સિધ્ધરાજસિંહ ચુડાસમા, હેડકોન્સ. વિજુભા જાડેજા, મહિપાલસિંહ જાડેજા, વિરદેવસિંહ જાડેજા, પ્રતાપસિંહ મોયા, જીજ્ઞેશભાઇ મારૂ, હરેશભાઇ સારદીયા, જેન્તીભાઇ રાઠોડ, ગોપાલસિંહ જાડેજા, કોન્સ. વનરાજભાઇ લાવડીયા, દિવ્યરાજસિંહ જાડેજા, મૈસુરભાઇ કુંભારવાડીયા અને પીસીબીના રાજુભાઇ દહેકવાલે વોરન્ટ બજવણીની કાર્યવાહી કરી હતી.

# રૈયા ચોકડી નજીક ક્વાર્ટરમાં યુવાને લટકીને જીવ દીધો : કારણ અકળ

રાજકોટ તા. ૧૮

અમુક લોકો મહામુલી જિંદગીને નહિ જેવા કારણોસર કાયમને માટે તરછોડી દેતાં હોય છે અને મોતનો રસ્તો અપનાવતા હોય છે. અમુક બનાવમાં તો આત્મહત્યાના કારણ પણ બહાર આવતાં હોતાં નથી. આપઘાતનો વધુ એક બનાવ બન્યો છે. રૈયા રોડ પર ક્વાર્ટરમાં રહેતાં ચોવીસ વર્ષના યુવાને ગળાફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. વિગતો અનુસાર રૈયા ચોકડીથી આગળ નાયરાના પેટ્રોલ પંપ સામે આવેલા આર.એમ.સી. ક્વાર્ટર બ્લોક નં. ૧૦/૧૪૯માં રહેતાં ચોવીસ વર્ષના બળદેવ સાંગાભાઇ કુવાડીયા નામના યુવાને સાંજે ઘરે ગળાફાંસો ખાઇ આપઘાત કરી લીધાની જાણ ૧૦૮ના ઇએમટી ડો. ચાંદનીબેને કરતાં કન્ટ્રોલ ઇન્ચાર્જ પીએસઆઇ વી. એસ. ચૌહાણે યુનિવર્સિટી પોલીસને જાણ કરી હતી. બનાવ જાહેર થતાં એએસઆઇ જયસિંહ ઝાલાએ ઘટના સ્થળે પહોંચી પંચનામુ કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો.પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ આપઘાત કરનાર બળદેવ મજુરી કરી ગુજરાન ચલાવતો હતો. તે પરિણીત હતો. આપઘાતનું કારણ બહાર ન આવતાં આસી સબ ઇન્સ. જયસિંહ ઝાલાએ તપાસ યથાવત રાખી હતી. અંતિમવિધી બાદ મૃતકના સ્વજનોના નિવેદન નોંધવામાં આવશે.

### રાજકોટમાં રિક્ષામાં મુસાફરને બેસાડી ખિસ્સા કાપતી ગેંગનું નવુ કારસ્તાન

# રિક્ષામાં એક શખ્સે ઉબકા કર્યા ને ખેડૂતનો અડધો લાખ ગૂમ!

## સેજકપરથી બિયારણ લેવા આવેલા વૃધ્ધ ગ્રીનલેન્ડ ચોકડીથી સાત હનુમાન જવા રિક્ષામાં બેઠા અને ઉલ્ટીનું નાટક કરી રોકડ સેરવી લઇ ઉતારી મુકાયાઃ બી-ડિવીઝન પોલીસે એફઆઇઆર દાખલ કરીઃ બે ગઠીયાની તલાસ

રાજકોટ તા. ૧૮

શહેરમાં ચોર ગઠીયાઓ નીતનવી તરકીબોનો ઉપયોગ કરી લોકોની રોકડ, દાગીના, મોબાઇલ ફોન સહિતની ચીજવસ્તુ ચોરી કે બઠ્ઠાવી લેતાં હોય છે. રિક્ષામાં મુસાફરોને બેસાડી ઉલ્ટી ઉબકાનું નાટક કરી ધક્કામુક્કી કરી જે તે મુસાફરની નજર ચુકવી તેની પાસેની રોકડ, ફોન કે દાગીના સેરવી લેતી અનેક રિક્ષાગેંગ અગાઉ પકડાઇ ચુકી છે. ત્યાં વધુ એક આવો બનાવ બન્યો છે. જેમાં કુવાડવા રોડ ગ્રીનલેન્ડ ચોકડી નજીક સાયલાના સેજકપરના ખેડૂત વૃધ્ધને બે ગઠીયાઓએ શિકાર બનાવ્યા હતાં. વૃધ્ધ રિક્ષામાં બેઠા ત્યારે પહેલેથી જ પાછળ બેઠેલા શખ્સે ઉલ્ટીનું નાટક કર્યુ હતું. પછી ચાલકે આ ભાઇ તમારા કપડા બગાડશે, ઉતરી જાવ તમે કહેતાં વૃધ્ધ ઉતરી ગયા હતાં. પણ રિક્ષા જતી રહી ત્યારે તેમને ખબર પડી હતી કે તેમના ખિસ્સામાંથી અડધો લાખની રોકડ પણ જતી રહી છે!

વિગતો પર નજર કરીએ તો રાજકોટ શહેરમાં રિક્ષાગેંગ ફરી સક્રિય થઇ ચુકી છે. તેની પ્રતીતિ કરાવતો કિસ્સો પોલીસ ચોપડે ચડ્યો છે. સાયલાના સેજકપર ગામેથી રાજકોટ રહેતાં દિકરાને ત્યાં અને બિયારણ લેવા આવેલા ખેડૂત વૃધ્ધ ગ્રીનલેન્ડ ચોકડીથી સાત હનુમાન દિવેલીયાપરા જવા પોતાના પૌત્ર સાથે રિક્ષામાં બેઠા ત્યારે અગાઉથી જ પાછળ બેઠેલા શખ્સે રિક્ષા ચાલુ થતાં જ ઉલ્ટી ઉબકાનું નાટક કરી વૃધ્ધના ખોળામાં માથુ નાંખી દઇ ધક્કામુક્કી કરી બિયારણ ખરીદવા માટેની ચોપન હજારની રોકડ ચોરી લઇ બાદમાં વૃધ્ધને તમારા કપડા બગડી જશે, તમે ઉતરી જાવ કહી ઉતારીને ચાલક અને સાગ્રીત રિક્ષા લઇ નીકળી ગયા હતાં. આ બનાવમાં બી-ડિવીઝન પોલીસે સાયલાના સેજકપર ગામે રહેતાં અને ખેતી કરી ગુજરાન ચલાવતાં છૉંસઠ વર્ષના ખેતાભાઇ ગોકળભાઇ સબાડ નામના વૃધ્ધની ફરિયાદ પરથી બે અજાણ્યા શખ્સો સામે એફઆઇઆર દાખલ કરી છે.

વધુ માહિતી જોઇએ તો ખેતાભાઇ સભાડ



પરિવાર સાથે રહે છે અને સંતાનમાં બે દિકરી, ત્રણ દિકરા છે. તેમના ત્રણેય દિકરાઓ હાલ રાજકોટ રહે છે. ખેતાભાઇએ જણાવ્યું હતું કે ૧૫મી તારીખે હું બીયારણ લેવા માટે મારા ગામ સેજકપરથી રાજકોટ આવ્યો હતો અને મારા દિકરાના ઘરે રોકાયો હતો. ૧૬મીએ કુવાડવા રોડ સાત હનુમાન મંદિર પાસે દિવેલીયાપરામાં આવેલી દુકાનેથી બીયારણ ખરીદવા ગયો હતો. આ માટે મેં દિકરા પાસેથી રૂપિયા ચોપન હજાર લીધા હતાં. હું દિકરાના ઘરેથી નીકળ્યો ત્યારે મારા પૌત્રએ સાથે આવવાની જીદ કરતાં મેં તેને પણ સાથે લીધો હતો. મારો દિકરો રઘુભાઇ મને મોટરસાઇકલ પર ગ્રીનલેન્ડ ચોકડીએ સવારે સાડા નવેક વાગ્યે મુકવા આવ્યો હતો. તે અહિ મને ઉતારીને જતો રહ્યો હતો.

હું ચોકમાં ઉભો હતો ત્યારે કાળા કલરની પીળા હુડવાળી રિક્ષા આવી હતી. જેમાં પહેલેથી જ એક મુસાફર પાછળ બેઠો હતો. ડ્રાઇવરે મને ક્યાં જવું છે? તેમ પુછતાં મેં સાત હનુમાન સામે દિવેલીયાપરામાં જવું છે તેમ કહેતાં તેણે મને વીસ રૂપિયા ભાડુ કહ્યું હતું. રકજક કરતાં તેણે દસ રૂપિયા થશે તેમ કહેતાં હું અને મારો પૌત્ર પાછળની સીટમાં બેસી ગયા હતાં. આ પછી રિક્ષા માંડ હજારેક ફુટ એટલે કે દરગાહ નજીક પહોંચી ત્યાં અમારી સાથે પાછળ બેઠેલા શખસે ઉલ્ટી ઉબકા ચાલુ કર્યા હતાં અને મારા ખોળામાં પડી ગયો હતો અને ધક્કામુક્કી કરવા માંડ્યો હતો. તેણે રિક્ષામાંથી મોઢુ બહાર કાઢી થુંક્યું હતું. આ પછી રિક્ષાચાલકે રિક્ષા ઉભી રાખી હતી અને મને કહેલું કે તમે અહિ ઉતરી જાવ, આ ભાઇને ઉલ્ટી થાય છે તો તમારા કપડા બગડશે.

આ પછી હું મારા પૌત્રને લઇન. ઉતરી ગયો હતો. તે સાથે જ ચાલક રિક્ષા લઇ નીકળી ગયો હતો. મેં બાદમાં મારા ખિસ્સામાં તપાસ કરતાં તેમાંથી બીયારણના રૂા. ૫૪ હજાર તથા આધાર કાર્ડ, લાયસન્સની ઝેરોક્ષ વગેરે ગાયબ હતું. આથી મેં મારા દિકરા રઘુભાઇને ફોન કરતાં તે આવી ગયો હતો. આસપાસમાં તપાસ કરી હતી પરંતુ એ રિક્ષવાળો મળ્યો નહોતો. રિક્ષાનો ચાલક મજબુત બાંધાનો આશરે ચાલીસથી પિસ્તાલીસ વર્ષનો હતો. જ્યારે પાછળ બેઠેલો શખ્સ આશરે ત્રીસ વર્ષનો હતો. બી-ડિવીઝન પોલીસ ઇન્સ્પેક્ટર એસ. એસ. રાણેના માર્ગદશર્નમાં પીએસઆઇ ડી. બી. ગાધેએ એફઆઇઆર દાખલ કરી છે. ડી. સ્ટાફની સાથે સાથે એલસીબી, ડીસીબીની ટીમો પણ આ ગુનો ડિટેક્ટ કરવા કામે લાગી છે. અગાઉ પણ પોલીસ આવી ગેંગને પકડી ચુકી છે. પણ એક ગેંગ જેલમાં જાય ત્યાં બીજી મેદાને આવી જતી હોય છે.

બહારના રાજયોના સપ્લાયર ફરી સક્રિય થયા : પોલીસ પણ ઢીલુ મુકવાના મૂડમાં નથી

# જલંધરથી જુનાગઢ પહોંચે એ પહેલા ૯૩ લાખનો દારૂ જપ્ત

## રાજકોટ રૂરલ એલસીબીએ ભરૂડી ટોલનાકે ટ્રક સાથે રાજસ્થાનીને ઝડપી લીધોઃ ત્રણ નામ ખુલ્યાઃ વી. વી. ઓડેદરા અને ટીમને સફળતા

રાજકોટ તા. ૧૮

બહારના રાજ્યોમાંથી સૌરાષ્ટ્ર ગુજરાતમાં વ્દિેશી દારૂ ઠાલવવા સપ્લાયરો, બુટલગેરો ફરીથી સક્રિય થયા છે. આ કારણે સતત ખટારામોઢે દારૂ બીયરનો જથ્થો ઘુસાડવા પ્રયાસો થઇ રહ્યા છે. જો કે સ્થાનીક પોલીસ અને એસએમએસની ટીમો સતત આવી હેરાફેરીનો પર્દાફાશ કરી જથ્થો પકડી રહી છે. તાજતેરમાં રાજકોટ ડીસીબી અને એસએમસીની ટીમોએ એક કરોડથી વધુનો દારૂ ઝડપી લીધો હતો. જે ભાયાવદર અને પોરબંદર તરફ જતો હતો. દરમિયાન હવે રાજકોટ રૂરલએલસીબીની ટીમે ૯૩ લાખનો દારૂ-બીયરનો જથ્થો ઝડપી લઇ એક રાજસ્થાની ટ્રક ચાલકને પકડી બીજા ત્રણની શોધખોળ હાથ ધરી છે. આ દારૂ છેક જલંધરથી જુનાગઢ તરફ મોકલવામાં આવી રહ્યો હતો. પરંતુ ત્યાં પહોંચે એ પહેલા રાજકોટ રૂરલ એલસસીબીના હાથમાં આવી ગયો હતો.

વિગતો પર નજર કરીએ તો જૂનાગઢ પંથકમાં દારૂ-બિયરની રેલમછેલ થાય તે પહેલાં જ રાજકોટ એલસીબીની ટીમ ત્રાટકી હતી અને ભરૂડી ટોલનાકા પાસેથી ૯૨.૬૦ લાખના દારૂ અને બિયરનો જથ્થો ભરેલ ટ્રક પકડી પાડી ૧.૦૨ કરોડનો મુદામાલ કબ્જે કરી રાજસ્થાની ટ્રક ચાલકની ધરપકડ કરી હતી. જ્યારે દારૂ મોકલનાર રાજસ્થાની શખ્સ તેમજ પંજાબના જલંધરથી દારૂ ભરી આપનાર અને દારૂ મંગાવનાર શખ્સની શોધખોળ આદરી હતી. દરોડાની વિગત મુજબ રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ અને એસપી હિમકરસિંહે દ્વારા દારૂની બદી દૂર કરવાની આપેલ સૂચનાથી રૂરલ એલસીબી પીઆઈ વી.વી.ઓડેદરાની રાહબરીમાં પીએસઆઈ એચ.સી.ગોહિલ ટીમ સાથે પેટ્રોલીંગમાં હતાં ત્યારે એએસઆઈ ઈન્દ્રસિંહ જાડેજા, જયવિસિંહ રાણા, હેડ કોન્સ્ટેબલ અનિલ ગુજરાતી, ભગીરથસિંહ જાડેજા, મનોજ બાયલ, કોન્સ્ટેબલ મહિપાલસિંહ ચુડાસમા અને ભાવેશ મકવાણાને



ચોક્કસ બાતમી મળી હતી.

બાતમી હતી કે ભારત બેન્ઝ આઈસર બંધબોડીના ટ્રક નં. એચઆરપપવી-પપ૨૦માં વિદેશી દારૂનો જથ્થો ભરી રાજકોટ તરફથી જુનાગઢ તરફ જનાર છે તેવી ચોકકસ બાતમી મળતાં એલસીબીનો સ્ટાફ ભરૂડી એલસીબી કચેરી સામે રોડ ઉપર ટ્રકની વોચમાં હતો ત્યારે રાજકોટ તરફથી બંધ બોડીનો આઇસર ટ્રક આવતો જોવા મળતાં ટ્રકને ઉભો રખાવી ટ્રકને રોડની બાજુમાં ભરૂડી એલસીબી કચેરીના ગ્રાઉન્ડમાં લેવડાવી ડ્રાઇવરનું નામ પુછતા પોતાનુ નામ સુરેશ માનારામ ખીલેરી (રહે. લાછીવાડ, સુરાવા પંચાયત, જાલોર રાજસ્થાન) હોવાનુ જણાવેલ હતું. એલસીબીની ટીમે ટ્રક ચાલકને ટ્રકમાં શું ભરેલ છે પૂછતાં ટ્રકમાં પતંજલીના બીસ્કીટ ભરેલ હોવાનુ જણાવતાં ઉંડાણપૂર્વક પુછપરછ કરતા શખ્સે ટ્રકમાં વિદેશી દારૂ ભરેલ હોવાનુ જણાવેલ હતું.

બાદમાં પોલીસે ટ્રકમાં તપાસ કરતાં તેમાંથી વિદેશી દારૂ અને બિયરનો મોટો જથ્થો મળી આવ્યો હતો. એલસીબીની ટીમે વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની કુલ ૧૫૮૧૬ બોટલ રૂ.૮૯.૦૨ લાખ, બિયરના ૧૯૯૨ ટીન રૂ.૩.૫૮ લાખ, ટ્રક અને બે મોબાઈલ ફોન મળી કુલ રૂ.૧.૦૨ કરોડનો મુદામાલ કબ્જે કર્યો હતો. જ્યારે વધુમાં પોલીસે જણાવ્યું હતું કે, ટ્રક ચાલકને દારૂનો જથ્થો રાજસ્થાનના ડુંગરપુરના વિષ્ણુ ડાંગી નામના શખ્સના કહેવાથી પંજાબના જલંધરથી અજાણ્યાં શખ્સે ભરી દિધો હતો. પોલીસે દારૂ મોકલનાર, ભરી આપનાર અને દારૂ મંગાવનાર શખ્સની શોધખોળ આદરી છે. વિશેષ માહિતી અનુસાર પોલીસ સુત્રોએ દરોડા અંગે વધુમાં જણાવ્યું હતું કે, દારૂ બિયરના મોટા જથ્થા સાથે પકડેલ ટ્રક ડ્રાઈવરે કબુલાત આપી હતી કે તે પંજાબના જલંધરથી દારૂ ભરી નીકળ્યો ત્યારે ડુંગરપુરના વિષ્ણુ ડાંગીએ તેના ટ્રકમાં જીપીએસ સિસ્ટમ ફીટ કરી દીધી હતી અને તે પોતે જીપીએસથી ટ્રકને ટ્રેક કરતો હતો. તે જે સ્થળે કહે ત્યાં દારૂનો ટ્રક રેઢો મૂકી અને પરત પોતાને રાજસ્થાન જતું રહેવાનું હતું. બાકીના શખ્સો ઝડપાયા બાદ વધુ વિગતો બહાર આવશે.

---

ટોળકી રચી મારામારી, પોલીસની ફરજમાં રૂકાવટના ગુના નોંધાયા હતાં

# બે ગુનામાં બે વર્ષથી ફરાર ત્રિપુટી ઝડપાઇ

LCB ઝોન-૨ PSI આર. એચ. ઝાલા અને ટીમે માધાપર ચોકડીએથી પકડ્યા



રાજકોટ તા. ૧૮

અમુક ગુનેગારો ગુનો કર્યા પછી ભાગી જતાં હોય છે. અમુક તુરત જ ઝડપાઇ જતાં હોય છે તો કેટલાક લાંબો સમય સુધી પોલીસને હાથતાળી આપતાં રહેતાં હોય છે. આવા જ ત્રણ શખ્સોને રાજકોટ શહેર એલસીબી ઝોન-૨ની ટીમે ઝડપી લીધા છે. બે વર્ષથી આ શખ્સો રોયોટીંગ અને પોલીસની ફરજમાં રૂકાવટના ગુનામાં ફરાર હતાં.

વિગતો પર નજર કરીએ તો શહેરના જામનગર રોડ પર શેઠનગર સામેના ભાગે ઝૂપડામાં રહેતાં દેવીપૂજક પરિવારો વચ્ચે બકરા ચોરવા મામલે અને જુના ઝઘડાને કારણે માથાકુટ થઇ હતી. જેમાં એક શખ્સની બેઠકમાં લાકડુ ખોંસી દેવાયાના આક્ષેપો થયા હતાં. બાદમાં એ શખ્સનું મોત થયું હતું. આ માથાકુટમાં સામ-સામે ગુના દાખલ થયા હતાં. જે તે વખતે ગાંધીગ્રામ પોલીસ ત્યાં પહોંચી ત્યારે ટોળકી રચી પોલીસ ઉપર પણ હુમલો કરી ફરજમાં રૂકાવટ કરવામાં આવી હતી. આ ગુનામાં બે વર્ષથી ફરાર ત્રણ શખ્સોને એલસીબી ઝોન-૨ ટીમે ઝડપી લીધા છે. જામનગર રોડ શેઠનગર સામે ઝુપડામાં રહેતાં દેવીપૂજક પરિવારના લોકો સાથે જામનગરથી આવેલા તેના સગાને જુના મનદુઃખ મામલે મારામારી થતાં એક બીજા પર ટોળકી રચી હુમલો કર્યો હતો. બનાવની જાણ થતાં ગાંધીગ્રામ પોલીસની ટીમ હોમગાર્ડ જવાનો સાથે પહોંચી હતી.

ત્યારે માથાકુટ કરી રહેલા શખ્સોએ ટોળકી રચીને પોલીસની ટીમ ઉપર હુમલો કરી પથ્થરમારો કરી ફરજમાં રૂકાવટ કરી હતી. બે અલગ અલગ ગુના જે તે વખતે ગાંધીગ્રામ પોલીસમાં દાખલ થયા હતાં. આ ગુનામાં ફરાર ત્રણને પકડી લેવાયા છે.

એલસીબી ઝોન-૨ ટીમને માહિતી મળતાં ત્રણેયને માધાપર ચોકડી ૧૫૦ રીંગ રોડ પરથી પકડીને ગાંધીગ્રામ પોલીસને સોંપાયા છે. પોલીસે જામનગરના જોડીયા તાબેના મોરાણા ગામના દિનેશ ઉર્ફ વિનુ બાબુ ઉર્ફ બાધુ જખાનીયા (ઉ.વ.૪૫), ધ્રોલમાં ટાવર પાસે રહેતાં લાભુ કરમશી વાજેલીયા (ઉ.વ.૪૫) તથા જામનગર ગુલાબનગરના વિનુ બાધુ સાડમીયા (ઉ.વ.૩૫)ને ઝડપી લીધા છે. વર્ષ ૨૦૨૩માં આ ત્રણેય સહિતની સામે ગાંધીગ્રામ પોલીસમાં બે ગુના દાખલ થયા હતાં. ઝડપાયેલામાં વિનુ અગાઉ જામનગરમાં દારૂના ગુનામાં પકડાયો હતો. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી જગદીશ બાંગરવાની સુચના અંતર્ગત એલસીબી ઝોન-૨ના પીએસઆઇ આર. એચ. ઝાલા, એએસઆઇ જયંતિભાઇ ગોહિલ, રાજેશભાઇ મિયાત્રા, હેડકોન્સ. રાહુલભાઇ ગોહેલ, શક્તિસિંહ ગોહિલ, હેમેન્દ્રભાઇ વાઘીયા, ધર્મરાજસિંહ ઝાલા, કોન્સ. કુલદીપસિંહ રાણાએ આ કામગીરી કરી હતી. બાકીના આરોપીઓની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

---

# ભિસ્તીવાડનો કુખ્યાત એજાજ ઉર્ફે ટકો ખિયાણી જબ્બે

## ગુજસિટોકનો આરોપી પોલીસ સાથે 'થાપો દાવ' રમતો હતો : ક્રાઈમ બ્રાન્ચને મળી સફળતા




રાજકોટ તા ૧૮

એક સમયે શહેરમાં રીતસરનો આંતક મચાવનાર ભીસ્તીવાડની કુખ્યાત ટોળકી એ પબ્લિકની સાથે સાથે પોલીસ પર પણ ખેલ કર્યા હોવાના બનાવો ભૂતકાળમાં ચોપડે નોંધાય ચૂક્યા છે. આ ટોળકીને કારણે લોકોને વિસ્તાર રહેવું જાણે હરામ બની ગયું તેમ ભયના ઓથારમાં જીવી રહ્યા હતાં ત્યારે પોલીસે ગુજસીટોકનું શસ્ત્ર ઊઠાવી ટોળકીને પાંજરે પૂરતાં લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

શહેરમાં આંતક મચાવનાર ભીસ્તીવાડ ટોળકીનો કુખ્યાત એજાજ ઉર્ફે ટકો હકુભા ખિયાણી છેલ્લા કેટલાક સમયથી ગુજસીટોક CRPC ની કલમ ૭૦ હેઠળ છેલ્લા કેટલા સમયથી નાસતો ફરતો હતો.જેને ગઈ કાલે ક્રાઈમ બ્રાન્ચે પકડી પાડ્યો હતો.

નાસતા ફરતાં આરોપીઓને પકડી પાડવા ઉપરી અધિકારીઓની સૂચના બાદ પોલીસ સ્ટાફ આવા તત્વોને શોધવા સતત પ્રયત્નશીલ હોય અને બાતમીદારોને પણ એક્ટિવ કર્યા હોવાનું માલુમ પડ્યું છે. પેટ્રોલિંગ દરમિયાન ક્રાઈમ બ્રાન્ચના સ્ટાફને બાતમી મળી હતી કે ભાવનગર રોડ આવેલ પટેલ વાડી પાસે એજાજ ઉર્ફે ટકો હકુભા ખિયાણી ઊભો છે.બાતમી મળતા જ ક્રાઇમ બ્રાન્ચની ટીમે તાત્કાલિક એજાજ ઉર્ફે ટકાને ઉઠાવી લીધો હતો.અને વધુ તપાસ માટે પ્ર.નગર પોલીસને સોંપ્યો હતો.

જાણવા મળતી માહિતી મુજબ ચાલીસ વર્ષીય આરોપી એજાજ ઉર્ફે ટકો ખિયાણી મારમારી,જુગાર, અપહરણ,બળાત્કાર,ગુજસીટોક જેવા ગંભીર પ્રકારના ગુન્હાઓમાં પોલીસ ચોપડે ચડી ચૂક્યો છે. આરોપી વિરુદ્ધ શહેરના વિવિધ વિવિધ પોલીસ સ્ટેશનમાં ૧૧ જેટલા ગુન્હાઓ નોંધાય હોવાનું સામે આવ્યું છે.

આરોપીને એજાજ ઉર્ફે ટકો ખિયાણીને પકડવા સહિતની કામગીરીમાં ક્રાઇમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેકટર એમ.આર.ગોંડલીયા, પોલીસ ઈન્સ્પેક્ટર એમ.એલ.ડામોર, પોલીસ ઈન્સ્પેક્ટર સી.એચ. જાદવ, પી.એસ.આઈ. એમ.કે.મોવલીયા,એ.એસ. આઇ. રણજીતસિંહ પઢારીયા, વિજયરાજસિંહ જાડેજા,સંજયભાઇ દાફડા, પો.હેડ કોન્સ. સુભાષભાઈઘોઘારી,ક્રિપાલસિંહ ઝાલા,પ્રતિકસિંહ રાઠોડ,પો.કોન્સ.તુલશીભાઇ ચુડાસમા, સંજયભાઇ ખાખરીયા સહિતનાં જોડાયા હતાં.

---

માલવીયાનગર પોલીસે મુળ અમરસરની શીતલને પકડી

# મવડી રોડ પરથી મહિલા ટુવ્હીલરમાં 'દારૂના ચપલા' સાથે પકડાઇ

રાજકોટ તા. ૧૮

મહિલાઓ દરેક ક્ષેત્રમાં પુરૂષ સમોવડી થઇ ચુકી છે. જો કે ક્યારેક એવુ લાગે કે ગુનાખોરીમાં પણ અમુક મહિલા પાછળ રહેવા માંગતી નથી. માલવીયાનગર પોલીસે વિદેશી દારૂની ટુવ્હીલરમાં હેરાફેરી કરતી મહિલાને પકડી લઇ દારૂ, વાહન મળી રૂા. ૮૨૩૦૦નો મુદ્દામાલ કબ્જે કરી વિશેષ તપાસ હાથ ધરી છે.

માલવીયાનગર પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમ દારૂ-જૂગારની બદી અટકાવવા પેટ્રોલીંગમાં હતી ત્યારે કોન્સ. મયુરદાન બાટીને બાતમી મળતાં મવડી રોડ વિશ્વેશ્વર શાક માર્કેટ ચામુંડા ટેઇલર્સ નામની દૂકાનના



ખુણા પાસે જીજે૦૩પીસી-૨૦૨૦ નંબરના જ્યુપીટર ટુવ્હીલર લઇને નીકળેલી મહિલાને અટકાવાઇ હતી. ડેકીમાંતપાસ કરતાં અંદરથી ઓરેન્જ હીલ વોડકાના ૧૮૦ એમએલના ૨૩ દારૂના ચપલા મળતાં રૂા. ૨૩૦૦નો દારૂ અને ૮૦ હજારનું વાહન કબ્જે કરી મહિલાની ધરપકડ કરી હતી.

મહિલા પોલીસની હાજરીમાં આ મહિલાની પુછપરછ કરવામાં આવતાં તેણીએ પોતાનું નામ શિતલ કાળુભાઇ ડાભી હોવાનું કહ્યું હતું. તેણે પોતાની ઉમર ૨૬ વર્ષ હોવાનું તેમજ પોતે મુળ વાંકાનેરના અમરસરની વતની હોવાનું તથા હાલમાં ખોડિયારનગર-૪, કાનાભાઇના મફતીયાપરામાં, શિલ્પાબેન મિયાત્રાના મકાનમાં ભાડેથી રહેતી હોવાનુ કહ્યું હતું. પોલીસ ઇન્સ્પેક્ટર જે. આર. દેસાઇ, પીએસઆઇ એમ. જે. ધાંધલ, અજયભાઇ વીકમા, ભાવેશભાઇ ગઢવી, સી. જે. ઝાલા સહિતે આ કામગીરી કરી વિશેષ તપાસ હાથ ધરી હતી.

---

# સુભાષનગરના બત્રીસ વર્ષના ફ્રુટના વેપારી યુવાનનું હૃદય ધબકારા ચુક્યું

રાજકોટ તા. ૧૮

હાર્ટએટેકથી યુવાનોના મૃત્યુના બનાવો સતત વધ્યા છે. આવી જ વધુ એક ઘટનામાં એક પરિવારે યુવાન આધારસ્તંભ ગુમાવી દીધો છે. રૈયા રોડ પર આવેલા સુભાષનગરમાં રહેતાં ફ્રુટના હોલસેલ વેપારી એવા બત્રીસ વર્ષના યુવાનનું હૃદય ધબકારા ચુકી જવાને કારણે મૃત્યુ થતાં પરિવારમાં માતમ છવાઇ ગયો હતો.



વિગતો જોઇએ તો સુભાષનગર-૯માં રહેતાં સાહિલભાઇ સલીમભાઇ ડાંગશીયા નામના યુવાનને રાતે સુતા બાદ સવારે મોડે સુધી નહિ જાગતાં પરિવારજનો જગાડવા જતાં તે બેભાન જેવી હાલતમાં જણાતાં તુરત જ સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યો હતો. પરંતુ તેનું મૃત્યુ નિપજતાં હોસ્પિટલ મારફત ગાંધીગ્રામ પોલીસને જાણ કરવામાં આવી હતી. મૃત્યુ પામનાર સાહિલભાઇ એક બહેનથી મોટા હતાં અને તેને સંતાનમાં એક દિકરો તથા એક દિકરી છે. તે ફ્રુટનો હોલસેલ વેપાર કરી પરિવારનું ગુજરાન ચલાવતાં હતાં. હાર્ટએટેક આવી ગયાનું પરિવારજનોએ કહ્યું હતું. ઘટનાથી સ્વજનો, પરિવારજનો, મિત્રો અને વિસ્તારમાં પણ ગમગીની વ્યાપી ગઇ હતી. મોતનું ચોક્કસ કારણ જાણવા પોલીસે મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

---

અગાઉ ચારેક વખત ભાડેથી કાર લઇ જઇ પાછી આપી ગયો હોઇ : વિશ્વાસ હતો પણ આ વખતે દગો કરી ગયો

# ૧૩ લાખની કાર ભાડેથી લઇ જઇ ઠામુકો ગાયબ થઇ ગ્યો!

## નાના મવા રોડ ક્વાર્ટરમાં રહેતાં મોહિત કુકડીયાએ યુનિવર્સ્ટિી રોડના જયદિપ તન્ના સાથે ઠગાઇ કરતાં માલવીયાનગર પોલીસે દાખલ કરી ફરિયાદ

રાજકોટ તા. ૧૮

શહેરમાં અનેક એવા ટ્રાવેલ્સ સંચાલકો છે જે કાર ભાડે આપવાનું કામ કરે છે. અલગ અલગ કાર રોજના ભાડા લેખે આપવામાં આવતી હોય છે. જો કે ઘણીવાર આ રીતે કાર ભાડેથી મેળવ્યા બાદ અમુક શખ્સો કાર સાથે ગાયબ થઇ જતાં હોય છે અથવા તો ભાડાની આવી કાર બારોબાર વેંચી મારતા હોય છે. અગાઉ આવુ મસમોટુ કારસ્તાન પોલીસે ઉઘાડુ પાડી ટોળકીને ઝડપી હતી. દરમિયાન આ પ્રકારની ઠગાઇનો વધુ એક ગુનો સામે આવ્યો છે. જેમા શહેરના યુનિવર્સિટી રોડ પર રહેતાં અને પાનની દૂકાન ચલાવવા સાથે કાર ભાડે આપવાનું કામ પણ કરતાં યુવાન પાસેથી નાના મવા રોડ ક્વાર્ટરમાં રહેતો શખ્સ બે દિવસ માટે તેર લાખની કિંમતની થાર કાર ભાડેથી લઇ ગયા બાદ કાર સાથે ગાયબ થઇ ગયો છે.

આ બનાવની વિગતો પર નજર કરીએ તો વધુ બે દિવસ કાર રાખવાની છે, ભાડુ મોકલી દઉ છું કહીને કાર પોતાની પાસે રાખ્યા બાદ છેલ્લે કાર સાથે ગૂમ થઇ જતાં અને ફોન પણ બંધ કરી દેતાં પોલીસને જાણ કરવામાં આવતાં માલવીયાનગર પોલીસે યુનિવર્સિટી રોડ એચપી પેટ્રોલ પંપ સામે મંગલમ્ પાર્ક-૨માં શુભમંગલ ખાતે રહેતાં ત્રીસ વર્ષિય વેપારી યુવાન જયદિપ ભરતભાઇ તન્નાની ફરિયાદ પરથી નાના મવા રોડ આરએમસી ક્વાર્ટરમાં રહેતાં મોહિત કિશોરભાઇ કુકડીયા તથા તપાસમાંખુલે તેની સામે એફઆઇઆર દાખલ કરી છે. જયદિપ તન્ના પરિવાર સાથેરહે છે અને એચપી પંપ સામે મનમંદિર પાન નામે દૂકાન ચલાવે છે. તેના પિતા હયાત નથી અને નાનો ભાઇ અમદાવાદ નોકરી કરે છે. જયદિપે વધુમાં જણાવ્યું છે કે હું પાનનો વેપાર કરવાની સાથે સાથે મિત્ર જીજ્ઞેશ પરષોત્તમભાઇ રાજયગુરૂ સાથે મળી કાર ભાડે આપવાનું કામ




પણ કરીએ છીએ.

અમારા આ કામ માટેની ઓફિસ મવડી રોડ ગ્રામીણ બેંકવાળી શેરીમાં જયશ્રી ચામુંડા ટ્રાવેલ્સ નામે છે. અમારી પાસે ત્રણ કાર છે. જેમાં થાર જીજે૦૩પીડી-૯૯૯૪ મારા નામે છે. તા. ૮/૫ના સાંજે સાતેક વાગ્યે દુકાને હતો ત્યારે મને મોહિત કુકડીયાનો ફોન આવ્યો હતો. તે અગાઉ ત્રણેક વખત કાર ભાડે લઇ ગયો હોઇ જેથી તેની સાથે પરિચય હતો. મોહિતે થાર કાર ભાડેથી જોઇએ છે તેમ કહેતાં મેં એક દિવસનું ભાડુ ૪૦૦૦ થશે તેમ કહ્યું હતું. જેથી મોહિતે બે દિવસ માટે કાર જોઇએ છે તેમ કહેતાં મેં હા પાડી હતી અને કાર મવડી ચોકડીએ જેમાડી હોટલ પાસે છે ત્યાં જઇ મારા ભાગીદાર જીજ્ઞેશભાઇના દિકરા ઓમભાઇ ઉભા છે તેને મળજો એટલે કાર આપી દેશે તેમ કહ્યું હતું. બાદમાં સાંજે સાડા આઠેક વાગ્યે ઓમે મને ફોન કરી મોહિત કુકડીયા થાર કાર લઇ ગયાનું કહ્યું હતું.

જો કે બે દિવસ થઇ જવા છતાં મોહિત કાર પાછી આપવા ન આવતાં મેં ફોન કરતાં તેણે હજુ એક દિવસ કાર રાખવાની છે અને ભાડુ હું મોકલાવું છું તેમ કહ્યું હતું. આ પછી ત્રીજા દિવસે મેં તેને ફરી ફોન કરતાં તેણે હજુ એક દિવસ કાર રાખવાની છે કહી ભાડુ આપ્યું હતું. ત્યારબાદ દિવસ પુરો થતાં મેં કાર માગતા તેણે પોતે કાર બીજા દિવસે આપી જશે તેમ કહ્યું હતું. પરંતુ પછી તેનો ફોન બંધ થઇ ગયો હતો. છેલ્લા પંદર દિવસથી ફોન બંધ આવે છે. આમ મારી તેર લાખની કાર મોહિત કુકડીયા ભાડેથી લઇ જવાના બહાને લઇ ગયા બાદ પાછી આપતો ન હોઇ વિશ્વાસઘાત કર્યાની ફરિયાદ નોંધાવી હતી. તેમ વધુમાં જયદિપ તન્નાએ કહેતાં પીઆઇ જે. આર. દેસાઇના માર્ગદર્શનમાં હેડકોન્સ. આર. એ. ચાવડાએ ગુનો દાખલ કર્યો છે. મોહિત ઝડપાયા બાદ વધુ વિગતો બહાર આવશે. તેની સાથે આ ફ્રોડમાં બીજુ કોઇ સામેલ છે કે કેમ? આ રીતે બીજી ગાડીઓ પણ ઉઠાવી છે કે કેમ? તે સહિતની તપાસ હાથ ધરવામાં આવશે.

# રાત્રિ સમયે ધાર્મિક દબાણો દૂર કરતું મનપા

## હજુ શહેરમાં ૧૬ દબાણો જેને દૂર કરવા હાથ ધરાઈ તૈયારીઓ : વિરોધ ન ઉઠે તે માટે રાત્રિના સમયે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે હાથ ધરાશે ડિમોલિશન

રાજકોટ, તા..૧૮
સરકાર દ્વારા સ્થાનિક પ્રશાસનોને સૂચિત કરી દેવાયા છે કે જે પણ ગેરકાયદે બાંધકામો હોય તેને શોધી દૂર કરવામાં આવે પછી તે રહેણાંક હોય કે વાણિજ્ય સાતો સાત શહેર અને જિલ્લામાં ઘણા ધાર્મિક દબાણો પણ ઊભા થયેલા છે જેને દૂર કરવાની કામગીરી સ્થાનિક પ્રશાસન દ્વારા હાથ ધરવામાં આવી રહી છે. હાલ રાજકોટનો વ્યાપ સતત વધી રહ્યો છે ત્યારે રોડ રસ્તા પર નડતરરૂપ જે બાંધકામો હોય તેને તોડી પાડવાનો આદેશ કરવામાં આવ્યો એટલો જ નહીં શહેરના એ તમામ મુખ્ય માર્ગો કે જે હજુ પહોળા થયા ન હોય તેને પહોળા કરવા માટે અડચણરૂપ તમામ દબાણોને દૂર કરવા માટેના આદેશો કરી દેવામાં આવ્યા છે જે માટે મહાનગરપાલિકા દ્વારા તૈયારીઓ પણ શરૂ કરી દેવાય છે. આ અંગે સૂત્રો દ્વારા જે માહિતી મળી રહી છે તે મુજબ શહેરમાં ઘણા ખરા એવા ધાર્મિક દબાણો છે કે જે વર્ષો જૂના છે ત્યારે તેને હટાવવા માટે ભારે વિરોધ ઊભો થવાની ભીતિ છે ત્યારે આ તમામ મુદ્દાઓને ધ્યાને લઈ મહાનગરપાલિકાએ રાત્રિ દરમિયાન ડિમોલિશન કરવાનું નક્કી કર્યું છે જેના ભાગરૂપે મંગળવાર ની રાત્રે મવડી મેઇન રોડ પર આવેલા બાપાસીતારામ ચોકમાં બાપા સીતારામ ની મઢૂલી અને મોકાજી સર્કલ ખાતે આવેલા વર્ષો જુના મંદિર સહિત બે ધાર્મિક સ્થળો નો ડિમોલિશન કરવામાં આવ્યું જે બાદ સ્થાનિક લોકોમાં ભારે વિરોધ ઊભો થયો હતો.

મહાનગરપાલિકાના ટાઉન પ્લાનીંગ વિભાગ દ્વારા સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન મુજબ અને અવાર નવાર અકસ્માતોના બનાવો બનતા હોય તેવા સર્કલ ઉપર આવેલ ગેરકાયદેસર બાંધકામ તેમજ ધાર્મિક સ્થળો તોડી પાડવાની કામગીરી હાથ ધરી છે. જે અંતર્ગત રાત્રે ટાઉન પ્લાનીંગ વિભાગનો સ્ટાફ અને પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે મવડી મેઈન રોડ ઉપર બાપાસીતારામ સર્કલમાં વચ્ચોવચ બનાવવામાં આવેલ વર્ષો જૂનું બાપાસીતારામની



મઢુલીનું ડિમોલેશન કરવામાં આવ્યું હતું. આ સ્થળ ઉપર વર્ષો પહેલા આ મઢુલી બનાવવામાં આવેલ અને આ સ્થળનું ભક્તોમાં પણ અતિ મહત્વ હોય સંવેદનસીલ ધાર્મિક સ્થળનું ડિમોલીશન કરતી વખતે તંત્રએ પણ ભારે સાવચેતી રાખી હતી. અને રોડ ઉપર વાહનોની અવર જવર તેમજ દુકાનો બંધ થઈ ગયા બાદ ફલડ લાઈટ સાથે મઢુલીનું ડિમોલેશન કરી રાતોરાત સ્થળ ઉપરથી મલવો હટાવી રોડ બનાવવાની તૈયારીઓ શરૂ કરી હતી.

મનપાએ મવડીમાં એક ધાર્મિખ સ્થળનું ડિમોલીશન કર્યા બાદ નાનામૌવા મેઈન રોડ ઉપર ભીમનગર પાસે મોકાજી સર્કલ ખાતે વર્ષોથી બનાવવામાં આવેલ એક ધાર્મિક સ્થળને તોડી પાડવા માટેની કામગીરી શરૂ કરી હતી. આ ધર્મિક સ્થળ પણ વર્ષો જુનું હોય વિરોધની શક્યતાના પગલે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. પરંતુ મોડી રાત્રે કાર્યવાહી કરતા ડિમોલેશનની કામગીરી વિના વિઘ્ને પુર્ણ કરવામાં આવી હતી.

બન્ને ધાર્મિખ સ્થળોના ડિમોલીશનના કાર્યવાહી બાદ આજે સવારે આજુબાજુમાં વસવાટ કરતા લોકોને જાણ થતાં આ ધાર્મિક સ્થળોમાં નિયમીત આવતા ભક્તજનોમાં રોષ જોવા મળ્યો હતો અને મોકાજી સર્કલ ખાતે આજે લોકોનું ટોળુ પણ એકઠુ થયાનું જાણવા મળેલ છે.

શહેરના મુખ્ય માર્ગો ઉપર તેમજ સર્કલો ઉપર અકસ્માતોનું પ્રમાણ વધતા સર્કલો નાના કરવાની તેમજ સર્કલો ઉપર થયેલા ધાર્મિક સહિતના દબાણો દૂર કરવાની સુચના સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવી છે. જેના લીધે રાજકોટ મહાનગરપાલિકાએ પણ છેલ્લા છ માસથી મુખ્ય સર્કલ ઉપર આવતા તેમજ મુખ્ય માર્ગો ઉપર આવતા નડતરરૂપ ધાર્મિક સ્થળોની યાદી તૈયાર કરી છે અને ગઈકાલે બે ધાર્મિક સ્થળોના ડિમોલીશન કર્યા બાદ આગામી દિવસોમાં વધુ ૧૬ ધાર્મિક સ્થળોનું ડિમોલીશન કરવાની તૈયારીઓ પીટી વિભાગે કરી હોવાનું જાણવા મળેલ છે.

## ત્રણ દિવસથી મામલતદાર કચેરીમાં લોકોએ થવું પડે છે હેરાન પરેશાન : ઉકેલ લાવવામાં તંત્ર નિષ્ફળ

# સર્વર ડાઉન, આવકનો દાખલો કાઢવા ધરમના ધક્કા





રાજકોટ, તા. ૧૮
છેલ્લા ઘણા સમયથી જૂની કલેકટર કચેરીમાં આવેલી મામલતદાર ઓફિસ નો સર્વર ધીમું હોવાના કારણે અરજદારોને ભારે તકલીફ અને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે જે બાબતે હાલ અરજદારોમાં ભારે રોષ વ્યાપી ઉઠ્યો છે. એટલું જ નહીં આગામી દિવસોમાં આ પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ લાવવામાં આવે તે મુદ્દે હાલ ભારે માંગ ઉઠવા પામી છે પરંતુ તંત્ર દ્વારા હજુ સુધી કોઈ નક્કર પગલા લેવામાં આવ્યા નથી અને છેલ્લા ત્રણ દિવસથી અરજદારોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સરોવર ધીમુ હોવાના કારણે ગઈકાલે મામલતદાર કચેરીમાં આવકનો દાખલો કઢાવવા આવેલા અરજદારોને ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો ત્યારે તેમના દ્વારા સતત એ વાત ઉપર જ ભાર મૂકવામાં આવી રહ્યો છે કે તંત્ર અને સ્થાનિક પ્રશાસન આ પ્રશ્નનો તાકીદે ઉકેલ લાવે કારણકે દરરોજ ધક્કા ખાવા એ સામાન્ય માણસને પોસાય તેમ નથી.

રાજકોટ શહેરના જૂની કલેક્ટર કચેરીમાં આવેલી મામલતદાર કચેરીમાં છેલ્લા ત્રણ દિવસથી સર્વર ડાઉન હોવાના કારણે આવકના દાખલા કઢાવવા આવતા અરજદારો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. સર્વર નહિ ચાલતા અરજદારોને ધક્કા ખાવા પડી રહ્યા છે, જેના કારણે તેમનો સમય અને પૈસા બંને વેડફાઈ રહ્યા છે.

આવકનો દાખલો એ એક અગત્યનો દસ્તાવેજ છે જે બાળકોના શાળા-કોલેજના પ્રવેશ, શૈક્ષણિક કાર્ય, અને હોસ્પિટલમાં દાખલ થવા જેવી અનેક જરૂરિયાતો માટે અનિવાર્ય છે. છેલ્લા ત્રણ દિવસથી સર્વર ડાઉનના કારણે આ દાખલા ન મળતા અરજદારો ચિંતિત બન્યા છે. ઘણા અરજદારો પોતાના ધંધા-રોજગાર છોડીને સવારથી કચેરીએ આવી રહ્યા છે, પરંતુ સર્વર ડાઉનના કારણે તેમને નિરાશ થઈને પાછા ફરવું પડે છે.

# મવડીના ત્રણ રસ્તા નવા રીંગરોડ સાથે જોડવા ૭૦ મિલકતો કપાતમાં

## યોગ્ય વળતર આપવા માંગ : સરકારી કે સાર્વજનિક કોમન જમીન જગ્યા કે પ્લોટ ઉપર દબાણ કરેલ હોય ત્યાં ડિમોલેશન કરી જમીન ખુલ્લી કરાવાશે

રાજકોટ, તા.૧૮
મહાનગરપાલિકા દ્વારા સતત એ વાત ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે કે શહેરમાં માળખાગત સુવિધાઓનો વિકાસ થાય અને લોકોને સહેજ પણ હેરાનગતિનો સામનો ન કરવો પડે ત્યારે ઘણા ખરા નવા રોડનું નિર્માણ કાર્ય પણ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવી રહ્યું છે. તો સામે સૌથી મોટો પ્રશ્ન અત્યારે એ પણ ઉભો થયો છે કે આ પૂર્વે મવડીના ત્રણ રસ્તા પહોળા કરીને નવા રીંગરોડ સાથે જોડવાના કામ વહેલાસર હાથ ધરવામાં આવે અને આ માટે જે સંબંધિત કામગીરી છે તેને પણ ઝડપી પૂર્ણ કરી દેવાય આ માટે અનેકવિધ રજૂઆતો મ્યુનિસિપલ કમિશનર અને ટાઉન પ્લાનિંગ વિભાગને કરી હોવાનું માલુમ પડ્યું છે. ત્યારે આ કામગીરી માટે આશરે ૭૦ જેટલી મિલકતો ને યોગ્ય વળતર આપવા માટે પણ રજૂઆત કરવામાં આવી છે કારણ કે આ ૭૦ મિલકતો એવી છે કે જે કપાતમાં જશે.

પ્રતિ દિવસ રાજકોટ શહેરનો વિકાસ થઈ રહ્યો છે. લોકોને યોગ્ય સુવિધા અને સહુલત



મળી રહે તે માટે હાલ મહાનગરપાલિકા દ્વારા તમામ પગલાંઓ લેવામાં આવી રહ્યા છે. વોર્ડ નં. ૧૨ની હદમાં આવેલ રાજકોટને ફરતે થી જોડતા હોય કપાતમાં લેવામાં આવેલ મવડીના ચાર માર્ગ પેકી ૩ મુખ્ય માર્ગ આંતરિક સોસાયટીઓ સાથે કનેક્ટીવીટી ધરાવે છે. રિંગ રોડ સુધી તેને ડાયરેક્ટ એપ્રોય મળતો નથી આ માર્ગને રિંગ રોડ સાથે જોડવા માટે યોજના બનાવવામાં આવી છે.

મવડીના અંકુરનગર થી ૨૪ મીટરનો રોડ છે જેને રિંગરોડ સાથે જોડવા માટે કપાત નક્કી કરવામાં આવેલ છે. તેવી જ રીતે ગોપાલ પાર્કના ૯ મીટરના રોડને પહોળો કરીને રિંગ રોડ સાથે જોડવામાં આવનાર રસ્તો તથા માધવ પાર્કના ૧૮ મીટરના રોડ માટે યોજના બનાવેલ છે. જે રસ્તાઓ પહોળા કરીને ૧૫૦ ફૂટ રિંગરોડ સાથે જોડવા માટે ૭૦ મિલકતો કપાતમાં આવે છે તેમને મનપા દ્વારા નક્કી થયા મુજબ જે વ્યકિતઓ પાસે કાયદેસરના દસ્તાવેજ નોંધણી તથા કોર્પો.ને લગત મકાનો દુકાનો ના બાંધકામ પ્લાન સર્ટીફીકેટ વેરા બિલ વગેરે ડોક્યુમેન્ટ હોય તેવા લોકોની રિંગરોડ પર કપાતમાં આવતી જમીન, જગ્યા કે પ્લોટ ઉપરનું વળતર આપવા સામાજીક કાર્યકર સવજીભાઇ ફળદુ દ્વારા માંગણી કરાઇ છે. જે વ્યકિતઓએ સરકારી કે સાર્વજનિક કોમન જમીન જગ્યા કે પ્લોટ ઉપર દબાણ કરેલ હોય ત્યાં ડિમોલેશન કરાવી રિંગરોડ રસ્તાની જમીન જગ્યાં ખુલ્લી કરાવી, જરૂરી સર્વે કરાવીને તત્કાલ મિલ્કત કપાતના કામોની કાર્યવાહી ચાલુ કરાવીને નવા રિંગરોડ બનાવાના કામો ચાલુ કરાવી આપવા રજુઆત કરાઇ છે.

# શહેરમાં ફરી કોરોના ઉછળ્યો : ૯ નવા કેસ

## કુલ કેસ ૧૮૭, ૧૩૩ દર્દીઓ થયા સાજા : ૫૪ દર્દીઓ હોમઆઈસોલેટ



રાજકોટ, તા. ૧૮
છેલ્લા ત્રણ દિવસથી રાજકોટ શહેર અને સમગ્ર રાજ્યમાં કોરોના કેસમાં ઘટાડો નોંધાયો હતો અને સરકારની સાથે સ્થાનિક પ્રશાસન અને લોકોમાં પણ ક્યાંક ને ક્યાંક હાસકારાની લાગણી જોવા મળી હતી પરંતુ હાલ વરસાદ ની સિઝન શરૂ થતા ફરી એક વખત કેસમાં ઉછાળો આવ્યો છે અને ગઈકાલે શહેરમાં નવ પોઝિટિવ નોંધાયા હતા અને આ આંકડો ૧૮૭ એ પહોંચી ગયો હતો. હાલ કોરોના માંથી ૧૩૩ દર્દીઓ સાજા થયા છે અને ૫૪ દર્દીઓ હાલ ઘરે સારવાર લઈ રહ્યા છે.

આરોગ્ય વિભાગે સત્તાવાર યાદી મુજબ ગઈકાલે શહેરમાં વધુ ૯ કોરોનાના પોઝિટિવ કેસ નોંધાયા હતાં. જેમાં વોર્ડ નં. ૪ બેડીપરા પુરુષ ઉ.વ.૨૯, વોર્ડ નં. ૮ સિલ્વર એવન્યુ સોસાયટી પુરુષ ઉ.વ. ૨૨ તથા લક્ષ્મીનગર મહિલા ઉ.વ. ૩૪ તથા પંચવટી સોસાયટી પુરુષ ઉ.વ. ૫૯, વોર્ડ નં. ૧૭ સુભાસનગર પુરુષ ઉ.વ. ૪૭, વોર્ડ નં. ૧૨ ગોવર્ધન ચોક મહિલા ઉ.વ. ૨૮, વોર્ડ નં. ૯ મીરાનગર પુરુષ ઉ.વ.૨૦, વોર્ડ નં. ૩ પરસાણા નગર પુરુષ ઉ.વ. ૩૦, વોર્ડ નં. ૧૩ પંચશીલ સોસાયટી વૃદ્ધ ઉ.વ. ૯૦ સહિતના નવ કેસ નોંધાયા છે.

નોંધાયેલા તમામ દર્દીઓએ કોરોના વેક્સિનના ડોઝ લઈ લીધા હોવાનું આરોગ્ય વિભાગે જણાવ્યું હતું. જ્યારે વોર્ડ નં. ૪ ના બેડીપરાના પુરુષ તેમજ વોર્ડ નં. ૮ સિલ્વર એવન્યુ સોસાયટી પુરુષ અને વોર્ડ નં. ૧૨ ગોવર્ધન ચોક મહિલાની ટ્રાવેલ્સ હિસ્ટ્રી જામનગર, દુબઈ અને અજરબાઈજાન અને વોર્ડ નં. ૮માં પંચવટી સોસાયટીની પુરુષની હિસ્ટ્રી વલસાડ હોવાનું હાલ તમામ દર્દીઓની સ્થિતિ સ્ટ્રેબલ હોવાનું જણાવ્યું હતું. અત્યારે આરોગ્ય વિભાગ દ્વારા જે વાત કરવામાં આવી રહી છે તે મુજબ હાલ ચોમાસાની ઋતુ બેસી જતા આગામી દિવસોમાં આ અંગે કોઈ યોગ્ય તકેદારીના પગલા લોકો દ્વારા લેવામાં આવે તે ખૂબ જરૂરી છે કારણ કે જો આ ચોમાસાની ઋતુમાં કોઈપણ ખોટું પગલું કોરોનાને નોતરી શકે છે. હાલ આ કોવિડથી બચવા માટે લોકોએ તકેદારી રાખવી ખૂબ જરૂરી છે અને તેના માટે જ ચોમાસામાં યોગ્ય રીતે સાર સંભાળ રાખવામાં આવે તે પણ એટલી જ આવશ્યક છે.

# નવા કલેકટર માટે લોકમેળો મોટો પડકાર

## ફોર્મ ભરવાની મુદત ફરી વખત લંબાવાય તેવી સંભાવના : ૧૦૦ ફોર્મ માંથી માત્ર ૧૫ ફોર્મ જ ભરાઈને આવ્યા પરત

રાજકોટ, તા. ૧૮
રાજકોટ વહીવટી તંત્ર માટે વધુ એક પડકાર ઊભો થાય તેવું જાણકાર વર્તુળો જણાવી રહ્યા છે કારણ કે રાજકોટ કલેકટર પ્રભાવ જોશીની ગાંધીનગર બદલી થતાં તેમની જગ્યાએ જુનાગઢ મ્યુનિસિપલ કમિશનર ઓમ પ્રકાશ કલેકટર તરીકે પદભાર સંભાળશે. અગાઉ તેઓ પ્રોબેશનમાં રાજકોટ ગ્રામ્યના આસિસ્ટન્ટ કલેકટર તરીકે પણ કામ કરી ચૂક્યા છે ત્યારે તેઓ આવતા ની સાથે જ તેમના માટે જો કોઈ સૌથી મોટો પડકાર અને ચિંતાનો વિષય હોય તો તે લોકમેળાનો જ છે કારણ કે લોકમેળા માટે ફોર્મ ભરવાની પ્રક્રિયામાં જે સ્થિતિ જોવા મળવી જોઈએ તે જોવા મળી નથી એટલું જ નહીં લોકોમાં પણ સૃષ્ટિ જોવા મળી હતી ત્યારે ફરી એક વખત મુદતમાં વધારો કરવામાં આવે તેવું જાણકાર વર્તુળો જણાવી રહ્યા છે કારણકે આજે જે મુદત વધારવામાં આવી હતી તે પૂર્ણ થઈ જશે. ઓગસ્ટ મહિનામાં આયોજિત થનાર લોકમેળા માટે તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે પરંતુ એસ ઓ પી નો મુદ્દો આજે પણ રાઈડ્સ સંચાલકો માટે માથાનો દુખાવો છે ત્યારે હવે શું નવા કલેક્ટર આ પડકારને સરળતાથી ઝીલી શકશે કે કેમ તે હવે જોવાનું રહ્યું.

કલેકટર વિભાગ ના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ હાલ સો જેટલા ફોર્મ ઉપાડવામાં આવ્યા હતા પરંતુ તેમાંથી માત્ર ૧૫ ફોર્મ જ ભરાઈને આવ્યા છે. ફોર્મ ભરવાની મુદત આજે પૂર્ણ થાય છે છતાં અત્યંત ઓછી સંખ્યામાં ફોર્મ ભરાયા હોવાથી, લોકમેળા સમિતિ દ્વારા ફરી એક વખત મુદતમાં વધારો કરવામાં આવે તેવી પૂરેપૂરી શક્યતા છે. વહીવટી તંત્ર મેળાને સફળ બનાવવા કટિબદ્ધ





છે, પરંતુ ફોર્મ ભરવામાં થતી આ ધીમી પ્રતિક્રિયા ચિંતાનો વિષય બની રહી છે.

રાજકોટના વર્તમાન કલેક્ટર પ્રભવ જોષીની ગાંધીનગર ખાતે ટુરિઝમ વિભાગના મેનેજિંગ ડિરેક્ટર તરીકે બદલી કરવામાં આવી છે. તેમના સ્થાને જૂનાગઢના મ્યુનિસિપલ કમિશનર ઓમ પ્રકાશને રાજકોટના નવા કલેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી છે.નવા કલેક્ટર ઓમ પ્રકાશ માટે રાજકોટનો લોકમેળો એક મોટો પડકાર બની રહેશે. છેલ્લા ઘણા સમયથી મેળાના સંચાલકો દ્વારા જઘડ઼ સહિતના વિવિધ મુદ્દાઓને લઈને વિરોધ નોંધાવવામાં આવી રહ્યો છે. નવા કલેક્ટરની નિમણૂક થઈ છે અને લોકમેળાને હવે ગણતરીના દિવસો જ બાકી છે ત્યારે આ વિરોધ અને મેળાના સુચારુ આયોજનની જવાબદારી તેમના શિરે રહેશે.